RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 61* Date: 27.12.2020 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## વડાપ્રધાન મોદીએ જમ્મુ કાશ્મીરમાં લોંચ કરી આયુષ્માન ભારત યોજના

# દિલ્હીમાં બેઠેલા કેટલાક લોકો મને લોકશાહીના પાઠ ભણાવે છે: મોદી

*ન્યુ દિલ્હી,તા.૨૬*

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરને મોટી ભેટ આપતા આયુષ્માન ભારત 'પીએમ-જય સેહત' યોજના લોન્ચ કરી. આ દરમિયાન તેમણે યોજનાના બે લાભાર્થીઓ સાથે વાત પણ કરી હતી. તેની સાથે જ પીએમ મોદીએ ડીડીસી ચૂંટણીનો ઉલ્લેખ કરતા કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતા કહ્યું કે કેટલાક લોકો દિલ્હીમાં નિંદા કરે રાખે છે. જમ્મુ-કાશ્મીરના લોકોએ લોકશાહી માટે મત આપ્યો.

ડીડીસી ચૂંટણી પર પીએમ મોદીએ કહ્યું હતું કે હું લોકશાહીને મજબૂત કરવા માટે જમ્મુ-કાશ્મીરના લોકોને પણ અભિનંદન આપું છું. ડીડીસીની ચૂંટણીએ એક નવો અધ્યાય લખ્યો છે. તેમણે વધુમાં કહ્યું કે જમ્મુ-કાશ્મીરના દરેક મતદાતાના ચહેરા પર મને વિકાસ માટે, ડેવલપમેન્ટ માટે એક આશા દેખાઇ, ઉમંગ દેખાયો. જમ્મુ-કાશ્મીરના દરેક મતદાતાની આંખોમાં મેં અતીતને પાછળ છોડતા શ્રેષ્ઠ ભવિષ્યનો વિશ્વાસ જોયો.

પીએમ મોદીએ કહ્યું કે કેટલાક લોકો આજ-કાલ દિલ્હીમાં મોદીની નિંદા કરતાં રહે છે, તેઓ મોદીને લોકતંત્રનો પાઠ ભણાવવામાં રોકાયેલા છે. જમ્મુ-કાશ્મીરની જનતાએ આ ચૂંટણીઓમાં લોકશાહીના મૂળોને મજબૂત બનાવ્યા છે. જમ્મુ-કાશ્મીરના વહીવટ અને સુરક્ષા દળોએ જે રીતે ચૂંટણી યોજી હતી અને આ ચૂંટણીઓ તમામ પક્ષો વતી ખૂબ જ પારદર્શી રહી.

કોંગ્રેસની આકરી ઝાટકણી કાઢતાં પીએમ મોદીએ કહ્યું હતું કે કેટલાક રાજકીય પક્ષોની કથની અને કરનીમાં મોટો તફાવત છે. તેઓ લોકશાહી પ્રત્યે કેટલા ગંભીર છે તેનાથી જ સ્પષ્ટ થાય છે. કેટલાં વર્ષો થયા, પુડુચેરીમાં પંચાયતની ચૂંટણીઓ થવા દેવામાં આવતી નથી.પીએમ મોદીએ કહ્યું કે તમને



આશ્ચર્ય થશે કે સુપ્રીમ કોર્ટે આ આદેશ ૨૦૧૮ માં આપ્યો હતો. પરંતુ ત્યાં જે સરકાર છે તે સતત આ બાબતને ટાળી રહી છે. પુડુચેરીમાં દાયકાઓની રાહ જોયા બાદ ૨૦૦૬માં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ યોજાઇ હતી. આ ચૂંટણીઓમાં ચૂંટાયેલા લોકોનો કાર્યકાળ વર્ષ ૨૦૧૧ માં જ સમાપ્ત થઇ ચૂકયો છે.

### વડાપ્રધાને યોજનાના લાભાર્થીઓ સાથે વાત કરી,વિપક્ષ પર ચાબખાં માર્યાઃ પુડુચેરીમાં કેટલા વર્ષોથી પંચાયતની ચૂંટણીઓ યોજાઇ નથી, રાજકીય પક્ષોની કથની અને કરણી જુદી

આયુષ્માન ભારતનું લોકાર્પણ કરતાં પીએમ મોદીએ કહ્યું કે આ યોજનાનો બીજો ફાયદો એ થશે કે જેનો વારંવાર ઉલ્લેખ કરવો જરૂર છે. તમારી સારવાર ફક્ત જમ્મુ-કાશ્મીરની સરકારી અને ખાનગી હોસ્પિટલો સુધી મર્યાદિત રહેશે નહીં. પરંતુ દેશમાં હજારો હોસ્પિટલો આ યોજના હેઠળ જોડાયેલ છે ત્યાં પણ તમને આ સુવિધા મળશે. પીએમ મોદીએ કહ્યું કે છેલ્લા બે વર્ષમાં દોઢ કરોડથી વધુ ગરીબોએ આયુષ્માન ભારત યોજનાનો લાભ લીધો છે. આનાથી મુશ્કેલ સમયમાં જમ્મુ-કાશ્મીરના લોકોને ઘણી રાહત મળી છે. અહીં લગભગ ૧ લાખ ગરીબ દર્દીઓને હોસ્પિટલમાં ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવાર આપવામાં આવી છે.

પીએમ મોદીએ યોજનાના લાભાર્થીઓ સાથે પણ વાત કરી. જમ્મુના રમેશ લાલ એ કહ્યું કે મારા પરિવારના તમામ ૫ સભ્યોનું આયુષ્માન ભારત ગોલ્ડન કાર્ડ છે. આ યોજના માટે અમે બધા પીએમ મોદીના આભારી છીએ. જો મારી પાસે આ કાર્ડ ના હોત તો કેન્સરની સારવાર કરાવવી ખૂબ જ મુશ્કેલ હોત. રમેશ કેન્સરના દર્દી છે. પીએમ મોદીએ કહ્યું આયુષ્માન ભારતે તમારું જીવન આયુષ્માન બનાવી દીધું છે. હું તમને અપીલ કરું છું કે આ યોજના અને તેના ફાયદાઓ વિશે અન્ય લોકોને પણ તમે કહો.

## શિવરાજ કેબિનેટે લવ જેહાદ વિરોધી કાયદાને મંજૂરી આપી, ૧૦ વર્ષની જેલ



ભોપાલ,તા.૨૬

મધ્ય પ્રદેશની ભાજપ સરકારે પણ ઉત્તર પ્રદેશ અને હિમાચલ પ્રદેશની જેમ લવ જિહાદ વિરોધી કાયદો ઘડ્યો હતો. છેલ્લા થોડા સમયથી એવી ઘટનાઓ વધી હોવાના અહેવાલ હતા કે દાઢીમૂછ કઢાવી નાખીને તેમજ પોષાક પહેરવેશ બદલીને ખોટી ઓળખ આપીને કેટલાક મુસ્લિમ યુવાનો હિન્દુ યુવતીઓને ભોળવતા હતા અને છેતરપીંડીથી લગ્ન કરીને ત્યારબાદ યુવતીને મુસ્લિમ ધર્મ સ્વીકારવાની ફરજ પાડતા હતા.

આવા કેટલાક બનાવોની પોલીસ ફરિયાદ થતાં અને મિડિયામાં હો હા થતાં સૌ પ્રથમ ઉત્તર પ્રદેશમાં યોગી આદિત્યનાથની સરકારે લવ જિહાદ વિરોધી કાયદો ઘડ્યો હતો. ઉત્તર પ્રદેશના પગલે ગયા સપ્તાહે હિમાચલ પ્રદેશની સરકારે પણ આવો કાયદો ઘડ્યો હતો. હવે મધ્ય પ્રદેશની શિવરાજ સિંઘ ચૌહાણની સરકારે આવો કાયદો ઘડ્યો હતો

મધ્ય પ્રદેશ રાજય સરકારના પ્રધાન મંડળે 'ધર્મ સ્વાતંત્ર્ય ખરડો ૨૦૨૦'ને મંજૂરી આપી હતી. આ ખરડામાં કુલ ૧૯ કલમો છે. પીડિત પરિવાર તરફથી પોલીસ ફરિયાદ થાય તો પોલીસ સ્વતંત્ર રીતે પગલાં લઇ શકશે. આ કાયદા મુજબ કોઇ વ્યક્તિએ સગીર વયની, બીસી-ઓબીસી સમાજની યુવતીને ફોસલાવી પટાવીને કે પોતાની અસલી ઓળખ છૂપાવીને લગ્ન કર્યાનું પુરવાર થશે તો આરોપીને બે વર્ષથી માંડીને દસ વર્ષની જેલની સજા થશે. કોઇ વ્યક્તિ ધન-સંપત્તિની લાલચમાં પોતાનો ધર્મ છૂપાવીને લગ્ન કરશે તો એ પણ સજાપાત્ર ગુનો ગણાશે અને એ લગ્ન ફોક ગણાશે. સંબંધિત યુવાનને છેતરપીંડીના આરોપ બદલ સજા થશે.

મધ્ય પ્રદેશના ગૃહ પ્રધાન નરોત્તમ મિશ્રાએ એવો દાવો કર્યો હતો કે અમે દેશમાં સૌથી મોટો અને સૌથી વધુ અસરકારક કાયદો બનાવ્યો છે. મધ્ય પ્રદેશ વિધાનસભાનું સત્ર ૨૮ ડિસેંબરે શરૂ થશે. એમાં આ ખરડો મંજૂર કરાશે અને ત્યારબાદ એ કાયદો બનશે. આ કાયદો તરત અમલમાં આવશે. પોલીસને પૂરેપૂરી સ્વતંત્રતા આપવામાં આવી હતી.

### શોપિયામાં સુરક્ષાદળો સાથે અથડામણમાં એક આતંકી ઠાર

શોપિયા,તા.૨૬

જમ્મુ કાશ્મીરના શોપિયા જિલ્લામાં સુરક્ષાદળ અને આતંકીઓ વચ્ચે અથડામણ થઈ હતી જેમાં એક આતંકીને ઠાર કરવામાં આવ્યો છે, જયારે બે જવાન ઈજાગ્રસ્ત થયા છે. આ પહેલા બારામુલામાં સુરક્ષાદળોએ જૈશના બે આતંકીઓને ઠાર કર્યા હતા.

પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે સુરક્ષાદળોએ દક્ષિણ કાશ્મીરના શોપિયામાં કનિગામ વિસ્તારમાં આતંકીઓ હાજર હોવાની મળેલી ગુપ્ત સૂચના પર તપાસ અભિયાન શરૂ કર્યું હતું. તેમણે કહ્યું જયારે સુરક્ષાદળોના જવાન તપાસ અભિયાન કરી રહ્યા હતા, ત્યારે આતંકવાદીઓએ તેમના પર ગોળીઓ ચલાવી હતી. અધિકારીએ જણાવ્યું કે ત્યારબાદ અથડામણ શરૂ થઈ હતી. અધિકારીએ કહ્યું જવાબી કાર્યવાહીમાં એક આતંકવાદીને ઠાર કરવામાં આવ્યો છે.

### રાહુલ ગાંધીના નેતૃત્વમાં કેટલીક ખામીઓ

## યુપીએની હાલત એકાદ એનજીઓ જેવી દેખાય છે: શિવસેનાનો તીખા પ્રહાર

મુંબઇ,તા.૨૬

શિવસેનાના મુખપત્ર સામનામાં શનિવારના રોજ યુપીએ અને તેમના સહયોગીઓને બરાબરના આડે હાથ લીધા છે. ખેડૂત આંદોલનને લઇ વિપક્ષની એકજૂથતા ના હોવાને લઇ પણ સામનામાં જોરદાર આલોચના કરી. સંપાદકીયમાં શિવસેનાએ કહ્યું કે જો ખેડૂત આંદોલનના ૩૦ દિવસ બાદ પણ પરિણામ નીકળી શકતું નથી તો સરકાર એ વિચારે છે કે તેને કોઇ રાજકીય ખતરો નથી. કોઇપણ લોકતંત્રમાં વિપક્ષ અગત્યનું પાત્ર ભજવે છે. પરંતુ કોંગ્રેસ અને યુપીએ મોદી સરકાર પર દબાણ બનાવવામાં નિષ્ફળ રહ્યું.

સામનામાં લખ્યું કે કોંગ્રેસના નેતૃત્વમાં એક 'યુપીએ' નામનું રાજકીય સંગઠન છે. એ 'યુપીએ'ની હાલત એકાદ 'એનજીઓ' જેવી દેખાય છે. યુપીએના સહયોગી પક્ષ પણ ખેડૂતોના અસંતોષને ગંભીરતાથી લેતા દેખાતા નથી. યુપીએમાં કેટલાંક દળ હોવા જોઈએ પરંતુ તે કોણ અને શું કરે છે? તેને લઇ ભ્રમની સ્થિતિ છે. સામના એ લખ્યું કે રાહુલ ગાંધી પૂરતું કામ કરી રહ્યા છે પરંતુ તેમના નેતૃત્વમાં કેટલીક કમી છે. કોંગ્રેસના પૂર્ણકાલીન અધ્યક્ષની જરૂર છે. યુપીએને વધુ ક્ષેત્રીય પાર્ટીઓની જરૂર છે પરંતુ આવું ભવિષ્યમાં શકય થાય તેવું દેખાતું નથી. માત્ર શરદ પવાર જ યુપીએમાં દેખાય છે. તેમની સ્વતંત્ર વિચારસરણી છે. તેમના અનુભવનો લાભ પ્રધાનમંત્રી મોદી સુધ્ધાં લે છે. ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્રમાં કોંગ્રેસ, એનસીપી અને શિવસેનાએ સાથે મળીને રાજયમાં સરકાર બનાવી છે. સામનામાં આગળ કહ્યું કે યુપીએમાં ગડબડી છે અને વિપક્ષને એકજૂથ કરવા માટે નેતૃત્વની જરૂર છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને અન્ય રાજયોમાં નેતા ભાજપની વિરૂદ્ધ લડાઈ લડી રહ્યા છે પરંતુ તેઓ યુપીએના બેનર નીચે આવવા માંગતા નથી. મમતા બેનર્જીએ એનસીપી ચીફ શરદ પવારની મદદ લીધી કારણ કે ભાજપ સરકારી મશીનરીનો ઉપયોગ કરીને બંગાળમાં રાજય સરકાર પર દબાણ બનાવી રહ્યું હતું. શરદ પવાર પશ્ચિમ બંગાળ જઇ રહ્યા છે. આ જ સમય છે કે વિપક્ષ એકજૂથ થાય અને મમતા બેનર્જીને સમર્થન આપે, ત્યારે જ ભાજપ પર દબાણ બનાવી શકાય છે. સામનામાં આગળ લખ્યું કે હાલ લોકતંત્રનું જે ધનોતપનોત શરૂ છે, તેના માટે ભારતીય જનતા પાર્ટી કે મોદી-શાહની સરકાર જવાબદાર નથી. પરંતુ વિરોધી દળ સૌથી વધુ જવાબદાર છે. વર્તમાન સ્થિતિમાં સરકારને દોષ દેવાની જગ્યાએ વિરોધીઓને આત્મચિંતન કરવાની જરૂર છે.

## બોક્સિંગ-ડે ટેસ્ટ: ઓસ્ટ્રેલિયાનો ધબડકો, ૧૯૫ રનમાં ઓલઆઉટ

મેલબર્ન,તા.૨૬

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચાર મેચોની ટેસ્ટ સિરીઝની બીજી મેચ મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડમાં શરૂ થઈ છે. આ મેચમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ઓસ્ટ્રેલિયન ટીમ પ્રથમ ઈનિંગમાં ૧૯૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતીય ટીમ તરફથી બુમરાહે સૌથી વધુ ચાર વિકેટ ઝડપી હતી. આ સિવાય અશ્વિનને ત્રણ અને સિરાજને બે સફળતા મળી હતી. પ્રથમ દિવસના અંતે ભારતે ૧ વિકેટ ગુમાવી ૩૬ રન બનાવી લીધા છે. શુભમન ગિલ (૨૮★) અને ચેતેશ્વર પૂજારા (૭★) ક્રિઝ પર છે. ભારતને પ્રથમ ઝટકો મયંક અગ્રવાલ (૦)ના રૂપમાં લાગ્યો હતો. તે મિશેલ સ્ટાર્કનો શિકાર બન્યો હતો.

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયન ટીમ માત્ર ૧૯૫ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતીય બોલરોએ દમદાર પ્રદર્શન કરતા એમસીજીમાં કાંગારૂ બેટ્સમેનોને ખુબ પરેશાન કર્યા અને ટીમને ૨૦૦ રન પહેલા સમેટી દીધી હતી. બીજી ટેસ્ટ મેચની પ્રથમ ઈનિંગમાં યજમાન ટીમનો કોઈપણ બેટ્સમેન અડધી સદી ફટકારી શક્યો નહીં.

એમસીજી ટેસ્ટમાં કાંગારૂ કેપ્ટનટ ટિમ પેને ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો, પરંતુ કાંગારૂ બેટ્સમેન ભારતીય બોલર સામે ટકી શક્યા નહીં. ઓસ્ટ્રેલિયા માટે સૌથી વધુ ૪૮ રન માર્નસ લાબુશાનેએ બનાવ્યા હતા. તેણે ૧૩૨ બોલનો સામનો કરતા ૪૮ રનની ઈનિંગ રમી હતી.

માર્નસ લાબુશાને સિવાય ટ્રેવિસ હેડે ૯૨ બોલ પર ૩૮ રનની ઈનિંગ રમી હતી. મેથ્યૂ વેડે ૩૦ રન બનાવ્યા, પરંતુ આ સિવાય કોઈ બેટ્સમેન મોટી ઈનિંગ રમી શક્યા નહીં. ૫ બેટ્સમેન બે આંકડાના સ્કોર સુધી પણ પહોંચી શક્યા નહીં. ભારત તરફથી જસપ્રીત બુમરાહે સૌથી વધુ ચાર વિકેટ ઝડપી હતી. તેણે જો બર્ન્સ, ટ્રેવિસ હેડ, મિશેલ સ્ટાર્ક અને નાથન લાયનને આઉટ કર્યા હતા. ત્રણ સફળતાઓ અશ્વિનને મળી હતી. અશ્વિને મેથ્યૂ વેડ, સ્ટીવ સ્મિથ અને કેપ્ટન ટિમ પેનને પેવેલિયન પરત મોકલ્યા હતા. તો ભારત માટે ટેસ્ટ ક્રિકેટમાં પદાર્પણ કરનાર ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજે બે વિકેટ ઝડપી, અંતિમ સફળતા રવીન્દ્ર જાડેજાનો મળી હતી. સિરાજે માર્નસ લાબુશાને અને કેમરન ગ્રીનને આઉટ કર્યા, જ્યારે જાડેજાએ કમિન્સને આઉટ કર્યો હતો.

## યુકેથી કેરળ આવેલા ૮ મુસાફરોના કોરોના રિપોર્ટ પોઝિટિવ, સેમ્પલ પુણે મોકલાયા

તરુવનંતપુરમ્,તા.૨૬

બ્રિટન સહિતના દેશોમાં કોરોના વાયરસના નવા પ્રકારના કેસ સામે આવ્યા બાદ વિદેશથી આવતા મુસાફરો પર ખાસ નજર રાખવામાં આવે છે. જેમાં યુકેથી આવેલા મુસાફરો કોરોના પોઝિટિવ આવતા ખાસ તકેદારીના પગલા ભરવામાં આવી રહ્યા છે. તેમના સેમ્પલને આગળ તપાસ માટે પણ મોકલવામાં આવ્યા છે. મહત્વનું છે કે, વાયરસના નવા પ્રકારના કારણે ખાસ સાવચેતી રાખવામાં આવે છે, કારણ કે આ નવા સ્વરુપથી કેસ ઝડપથી ફેલાય છે.કેરળમાં યુકેથી આવેલા ૮ મુસાફરોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે, જેમના સેમ્પલ મહારાષ્ટ્રના પુણેમાં આવેલી નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ વાયરોલોજીમાં જીનોમિક એનાલિસિસ માટે મોકલ્યા છે.

સ્વાસ્થ્ય મંત્રી કેકે શાહીલ્જાએ શનિવારે જણાવ્યું કે યુકેથી આવેલા ૮ મુસાફરો પોઝિટિવ આવ્યા છે અને તેમના સેમ્પલના વિસ્તૃત રિપોર્ટ માટે તેને એનઆઈવી મોકલવામાં આવ્યા છે.

વધુમાં સ્વાસ્થ્ય મંત્રીએ જણાવ્યું કે, દુનિયાના યુકે સહિતના બાકી દેશોની સ્થિતિને ધ્યાનમાં રાખીને ભારત પરત આવતા મુસાફરોના ટેસ્ટ કરીને વિસ્તૃત તપાસ કરવામાં આવે છે. રાજયના અન્ય ચાર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પણ ખાસ નજર રાખવામાં આવી રહી છે.

તાજેતરમાં અહીં કોર્પોરેશનની ચૂંટણીઓ યોજાઈ હતી, જેના કારણે કોરોના વાયરસના નવા કેસમાં ઉછાળો નોંધાશે તેમ માનવામાં આવી રહ્યું હતું, પરંતુ તેવું થયું નથી.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૮૯૦**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૪૦૯૯૫**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦૭**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૦૦૨**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૨૬૩૦૮**

## તંત્રી સ્થાનેથી...

### ૨૦૨૦ માં ચીની ઉત્પાદનોનો બહિષ્કાર છતાં... આયાત ૬૫ અબજ ડોલરની.....!!

વર્ષ ૨૦૨૦માં કોરોના વાયરસે વિશ્વભરમાં ભારે તબાહી મચાવી તેમાં ભારત પણ બાકાત નથી.આવા મહામારીના સમય દરમિયાન દગાખોર મિત્ર ચીને ભારતની સરહદ પર ઊંબાડિયા કરવાનું શરૂ કરી દીધું તો પાકિસ્તાન પ્રેરિત આતંકવાદીઓએ કાશ્મીરમાં હુમલા વધારે દીધા જ્યારે કે નેપાળની ઓલી સરકારે ભારતીય સરહદ ઉપર ચોકીઓ ઊભી કરીને ભારતને ભીંસમાં લેવાના પ્રયત્નો શરુ કરી દીધા.જેની સામે ભારત સરકારે દુશ્મન દેશોના ઉબાડીયા ખાળવાના હતા જ્યારે કે દેશમાં કોરોના મહામારી નાથવા માટે બાજ નજરે કાર્યવાહીમાં ગળાડૂબ હતી. દરમિયાન આમ પ્રજાને તેમાંય ખાસ તો ગરીબો, અર્ધ મધ્યમ વર્ગ,શ્રમિકો, રોજમદારોને ખાવા માટે તકલીફ ન પડે તે માટે સરકારે અનાજ સહાય આપી અને એ પણ ત્રણેકએકવાર આપી.... પરંતુ અન્ય રાજ્યોમાંથી રોજગારી માટે આવેલા લાખો શ્રમજીવીયો પાસે રેશનકાર્ડ ન હતા તેઓને સહાય ન મળી.....!બીજી તરફ સરકારની અપીલ છતાં જે તે સ્થળોના એકમોમાં, જે તે ઉધોગોમાં, સંસ્થાઓમાં કામ કરતા તેમના કર્મચારીઓ-શ્રમજીવીઓને જે તે સંચાલકો તથા માલીકોએ કોઈ સહાય કે મદદ ન કરી..છતા તંત્રનું આ બાબતો પર ધ્યાનજ ન ગયું. લોકડાઉનના લાંબા સમય બાદ સરકારે અનલોક જાહેર કરી કેટલીક છૂટછાટ આપી તે સાથેજ લાખો શ્રમજીવીઓ-રોજમદારો પરિવાર સાથે વતન જવા નીકળી પડ્યા અને વતન પહોંચ્યા ત્યારે તેઓને શાંતિ થઈ કારણ કોરોનાના મોતનુ તાડવ અને તેનો ડર તેમનામાં પેસી ગયો હતો. તેમજ તેઓને જોઈતી જીવન જરૂરી સહાય કે મદદ ન મળી....! સમયાંતરે અનલોક સાથે છૂટછાટો જાહેર થતી ગઈ અને ધંધા રોજગાર ખોલવાની મંજૂરી આપવામાં આવી અને ઉધોગોના તાળા ખુલી ગયા પરંતુ જે-તે ઉધોગમાં કામ કરતા શ્રમજીવીઓ વતન પહોંચી ગયેલ જેઓ પરત ન આવતા ઉધોગો ભીંસમાં મુકાઈ ગયા. સરકારે મોટા ઉધોગો, મોટા બજારોને મોટી આર્થિક સહાય કરી પરંતુ દેશમાં સૌથી મોટી સંખ્યા ધરાવતા નાના- મોટા શ્રમજીવીઓ, મધ્યમવર્ગ, મજુર વર્ગને ભૂલી જવાયો તેમને માટે કોઈ પણ આર્થિક સહાય આપવામાં આવી નહી પરિણામે અનલોક પછી નાના-મોટા તમામ પ્રકારના ઉધોગો ખુલ્યા ખરા પરંતુ તેમાં કામ કરનારા ન આવતા ઉત્પાદનો અટકી ગયા કે ઘટી ગયા....! બીજી તરફ લોકોની આવક બંધ હતી એટલે ખીસ્સામાં નાણા ન હતા જેથી બજારો ખુલવા છતાં ખરીદારોના અભાવે મોટાભાગે બજારો સુમસામ રહેતા હતા.....!

મહામારીના સમયનો લાભ ચીનને લેવો હતો અને વિશ્વના બજારો ઉપર વર્ચસ્વ જમાવવુ હતું પરંતુ અમેરિકા સહિત વિશ્વના દેશો ચીનની ચાલ સમજી ગયા અને ભારત જેને મિત્ર માનતું હતું તે ચીન મિત્રતાના દેખાડા સામેની દગાખોરી સમજી ગયું તે સાથેજ ચીનને આર્થિક ફટકો આપવા પ્રથમ ઘા કર્યો ચીનની ૫૯ એપ પર પાબંધી કરીને.. જેને કારણે ચીન ગિન્નાયું અને તેના છાપા દ્વારા ભારતને ધમકી આપી દીધી કે દોકલામ યુદ્ધ કરતા આર્થિક યુદ્ધ ખતરનાક હશે ચીન સાથે વેપાર કરવો ભારતને ભારે પડશે. ત્યારે બીજી તરફ દેશના લોકોએ ચીની ઉત્પાદનોનો બહિષ્કાર કરવા અભિયાન શરૂ કર્યું તો અનેક દેશોએ પણ ચીની ઉત્પાદનો ન સ્વીકારતા દરેક દેશના દરિયાઈ બંદર પર મોટા ગંજ ખડકાઈ ગયા હતા....! આ બધું છતાં નોંધનીય બાબત એ હતી કે ભારત ચીનથી ૬૫ અબજ ડોલરની ચીની ઉત્પાદનોની આયાત કરે છે અને નિકાસ માત્ર ૧૬ અબજ ડોલરની છે. તો સરકારે સ્વનિર્ભર અને લોકલ ટુ લોકલનો મંત્ર આમ પ્રજાને આપ્યો.... પરંતુ દેશભરમાં મોબાઈલ બજારમા ૭૬ ટકા ચીની માલ છે જ્યારે કે ઓટો મોબાઈલ ક્ષેત્રમાં ૨૭% સ્પેરો પાર્ટ ચીનના વપરાય છે.... આને શું કહીશું....?!

### ચીન માટે કોવિડ-૧૯ મહામારી આશિર્વાદરૂપ બની

# ચીન ૨૦૨૮માં અમેરિકાને પછાડી વિશ્વની મહાસત્તા બનશેઃ રિપોર્ટ

**૨૦૩૦ સુધીમાં ભારત જાપાન કરતા આગળ નીકળી જશે, જર્મની ચોથાથી પાંચમા ક્રમે અને હાલ પાંચમા ક્રમે રહેલ બ્રિટન ૨૦૨૪માં છઠ્ઠા સ્થાને ચાલ્યુ જશે**



વોશિંગ્ટન,તા.૨૬

ચીન ૨૦૨૮માં અમેરિકાને પછાડી વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. પહેલા માનવામાં આવતુ હતુ કે ચીન ૨૦૩૩ સુધીમા આ જગ્યાએ પહોંચશે પરંતુ કોવિડ-૧૯ મહામારીએ સ્થિતિ બદલી નાખી છે. ચીન ઝડપથી આ સંકટમાંથી બહાર આવી ગયુ છે જ્યારે અમેરિકાનું અર્થતંત્ર હજુ પણ સંઘર્ષ કરી રહ્યુ છે. આના કારણે ચીન અનુમાનથી પાંચ વર્ષ પહેલા જ અમેરિકા કરતા આગળ નીકળી જશે. સેન્ટર ફોર ઈકોનોમિક્સ એન્ડ બીઝનેશ રીસર્ચ દ્વારા પોતાના વાર્ષિક રીપોર્ટમાં આવો દાવો કરવામાં આવ્યો છે.

રીપોર્ટ અનુસાર પાછલા કેટલાક સમયમાં અમેરિકા અને ચીન વચ્ચે ઈકોનોમિક અને સોફ્ટ પાવર સંઘર્ષ ચાલી રહ્યો છે. કોવિડ-૧૯ મહામારીએ તેને ચીનના પક્ષમાં લાવી દીધો છે. રીપોર્ટ અનુસાર ચીને શરૂઆતમાં જ લોકડાઉન લગાવી મહામારીને નિપટવામાં અત્યંત કુશળતા દાખવી. જ્યારે અમેરિકા હજુ પણ સંઘર્ષ કરી રહ્યુ છે. ચીનની ઈકોનોમી ૨૦૨૧-૨૫ દરમ્યાન ૫.૭ ટકાની ઝડપથી આગળ વધે તેવી શકયતા છે તે પછી તેની સ્પીડ થોડી ધીમી પડશે. ૨૦૨૬ થી ૨૦૩૦ દરમિયાન તે ૪.૫ ટકા રહી શકશે.

બીજી તરફ અમેરિકાનું અર્થતંત્ર લાંબા સમય સુધી કોવિડથી પ્રભાવિત રહેશે. ૨૦૨૨ થી ૨૦૨૪ વચ્ચે દેશની આર્થિક રફતાર ૧.૯ ટકા રહેવાનુ અનુમાન છે. તે પછી તે ૧.૬ ટકાની સ્પીડથી આગળ વધશે. જાપાન ૨૦૩૦ના દાયકાની શરૂઆત સુધી ડોલર ટર્મમાં વિશ્વનુ ત્રીજુ મોટુ માથુ બનશે તે પછી ભારત તેનાથી આગળ નીકળી જશે. તે પછી જર્મની ચોથાથી પાંચમા ક્રમે ખસકી જશે. અત્યારે પાંચમા ક્રમે રહેલ બ્રિટન ૨૦૨૪માં છઠ્ઠા સ્થાને ચાલ્યુ જશે.

### અમિત શાહનો વિપક્ષ પર પ્રહાર

# પૂર્વોત્તરના વિકાસ વગર ભારતનો વિકાસ થશે નહીંઃ અમિત શાહ



ગુવાહાટી,તા.૨૬

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પૂર્વોત્તરના પ્રવાસે પહોંચ્યા છે. બે દિવસીય પ્રવાસે અમિત શાહ અસમના ગુવાહાટી પહોંચ્યા છે. તેમણે અહીં અસમમાં વિકાસ કાર્યોની વાત કરી હતી. તેમણે કહ્યું કે પૂર્વોત્તરના વિકાસ વગર ભારતનો વિકાસ થશે નહીં. આ દરમિયાન ગૃહમંત્રીએ રાજ્યમાં હોસ્પિટલ, કોલેજ સહિત ઘણા વિકાસ કાર્યોની આધારશિલા રાખી હતી. સાથે તેમણે ૮૦૦૦ નામઘરોને આર્થિક સહાયતા આપવાની વાત કહી. હવે ૨.૫ લાખ રૂપિયાની મદદ દરેક નામઘરને આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આગામી ૨૦૨૧માં અસમમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે.

અમિત શાહે કહ્યું કે અસમને આ ૬ વર્ષોની અંદર અમે ક્યારેય પરાયા સમજ્યા નથી. અસમને દિલ્હીએ પ્રાથમિકતા આપી છે. નોર્થ ઈસ્ટને પ્રાથમિકતા આપી છે. તેમણે કહ્યું કે દરેક યોજનાનો ફાયદો અસમ અને અહીંની જનતા સુધી પહોંચાડવાનો પ્રયત્ન અમે કર્યો છે. ગૃહમંત્રી અમિત શાહે ગુવાહાટીમાં વિપક્ષી દળો પર પ્રહાર કરતા કહ્યું કે ચૂંટણીની મોસમ આવવાની છે. ફરીથી અલગાવવાદની વાત કરનાર ચહેરા અને રંગરુપ બધું બદલીને લોકોની વચ્ચે જશે. આપણને ઉંધુ સમજાવશે. આંદોલનની દિશામાં લઈ જશે. હું તે બધાને પુછવા માંગીશ કે શું આપ્યું તમે અસમના લોકોને આંદોલન કરાવીને. કોઇ વિકાસ કાર્ય થયા નથી. જો થયું છે તો ફક્ત અસમના યુવાઓને શહીદ કરવાનું કામ કર્યું છે. અમિત શાહે કહ્યું કે રાજ્યમાં ફક્ત બે સમસ્યાઓ છે. એક ઘૂસણખોરી અને બીજુ પૂર. આ બંને સમસ્યા બીજેપીની ડબલ એન્જીનવાળી સરકાર જ દૂર કરી શકે છે. અમિત શાહે અસમમાં યોજાનાર વિધાનસભા ચૂંટણીમાં બીજેપીની જીતનો દાવો કર્યો છે. આ સિવાય તેમણે રાજ્યમાં કોરોના વાયરસ નિયંત્રણની પણ પ્રશંસા કરી છે. તેમણે કહ્યું કે મને એ કહેતા ખુશી થઈ રહી છે કે દેશમાં કોરોનાનો સામનો કરવામાં અસમ સૌથી ઉપરના રાજ્યોમાં છે.

ટેસ્ટિંગ મામલામાં પણ આગળ રહ્યું છે. અમિત શાહે કહ્યું કે એક જમાનામાં અહીં બધા રાજ્યોમાં અલગાવવાદી પોતાના એજન્ડા બનાવતા હતા. યુવાઓના હાથમાં બંદૂક પકડાવતા હતા. આજે તે બધા સંગઠન મુખ્ય પ્રવાહમાં સામેલ થઈ ગયા છે અને આજે યુવા પોતાના નવા સ્ટાર્ટઅપ સાથે વિશ્વભરમાં યુવાની સાથે સ્પર્ધા કરીને પોતાના અષ્ટલક્ષ્મીને ભારતના અષ્ટલક્ષ્મી બનાવવાની દિશામાં આગળ વધી રહ્યા છે.

### સબરીમાલા મંદિરમાં પ્રવેશ માટે આરટી-પીસીઆર ટેસ્ટ ફરજિયાત કરાયો

તિરુવનંતપુરમ્,તા.૨૬

સબરીમાલા તીર્થ યાત્રા પર જઈ રહેલા તમામ શ્રદ્ધાળુઓએ આજથી દર્શન કરતા પૂર્વે ફરજિયાત આરટી-પીસીઆર ટેસ્ટ કરાવવો પડશે. આ આદેશ કેરળ હાઈકોર્ટે તેમજ રાજ્ય સરકારે આપ્યો છે. શ્રદ્ધાળુઓને મંદિર પહોંચવા અગાઉ પોતાની સાથે નેગેટિવ ટેસ્ટનું સર્ટિફિકેટ રાખવું પડશે. દરમિયાન ત્રવણકોર દેવસ્યમ બોર્ડના મતે આ સર્ટિફિકેટ ૪૮ કલાકથી વધુ જૂનું ના હોવું જોઈએ. જો ટેસ્ટ કરાવ્યાને ૪૮ કલાકલનો સમય પૂર્ણ થઈ ગયો હશે તો શ્રદ્ધાળુને મંદિરમાં પ્રવેશ મળી શકશે નહીં. કેરળ સ્થિત સબરીમાલામાં ભગવાન અય્યપ્પાના દર્શન માટે દેશ વિદેશતી મોટાપાયે લોકો આવે છે. કોરોના વાયરસને પગલે દર્શનને લઈને કડક નિયમો લાગુ કરવામાં આવ્યા છે. જેમાં હવેથી દર્શન કરવા આવતા શ્રદ્ધાળુઓએ ફરજિયાત આરટી-પીસીઆર ટેસ્ટ કરાવવો પડશે. ૨૬ ડિસેમ્બરથી આ નિયમ લાગુ થયો છે. ટીડીપીના અધ્યક્ષ એન વાસુએ જણાવ્યું કે આરટી- પીસીઆર ટેસ્ટ બાદ કોવિડ ૧૯ નેગેટિવ હોવાનું પ્રમાણપત્ર ૪૯ કલાક સુધી જ માન્ય રહેશે અને ત્યારબાદ શ્રદ્ધાળુઓએ ફરીથી કોવિડ ૧૯નો આરટી-પીસીઆર ટેસ્ટ કરાવવો પડશે.



એક આફ્રિકન સિંહણ પેન્થેરા લીઓ હંગેરીના નાયરેગિહાઝામાં નાયરેગિહાઝા એનિમલ પાર્કમાં ક્રિસમસ બોક્સમાં ભરેલો તેનો દૈનિક માંસનો પોર્ટો લઈને જાય છે.

## સઉદી અરબના ક્રાઉન પ્રિન્સ સલમાને કોરોનાની વેક્સીન લીધી

રિયાધ,તા.૨૬

સઉદી અરબના ક્રાઉન પ્રિન્સ સલમાને શુક્રવારે કોરોનાની વેક્સીન લીધી. શુક્રવારે તેમને કોરોના વેક્સીનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો. સઉદી અરબના સ્વાસ્થ્ય મંત્રાલયે ક્રાઉન પ્રિન્સની તસ્વીર અને વીડિયો શેર કર્યા છે. સઉદી અરબમાં ગત મંગળવારે જ કોરોના રસીકરણ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.

સઉદી અરબના સ્વાસ્થ્ય મંત્રી તવફિક અલ રાબિયાએ ક્રાઉન પ્રિન્સની આ પહેલ માટે આભાર વ્યક્ત કર્યો હતો. સ્વાસ્થ્ય મંત્રીએ કહ્યું કે, ક્રાઉન પ્રિન્સ વેક્સીનેશન કાર્યક્રમને લઈ ઘણા ઉત્સુક રહ્યા અને આ વિશે મંત્રાલય પાસેથી સતત જાણકારી લેતા રહ્યા, જેથી સઉદી અરબના નાગરિકોને કોરોનાની સર્વોત્તમ રસી અપાઇ શકે.

સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોમાં પ્રિન્સ સલમાન રસી લેતાં જોવા મળી રહ્યા છે. વેક્સીન લગાવ્યા બાદ ડૉક્ટરોની એક ટીમ તેમના પર નજર રાખી રહી છે.

જણાવી દઈએ કે સઉદી અરબમાં કોરોનાની વેક્સીન લેવા માટે ૩ દિવસમાં ૫ લાખ લોકો રજિસ્ટ્રેશન કરાવી ચૂક્યા છે. સ્વાસ્થ્ય મંત્રીએ કહ્યું કે, સરકારે સઉદી અરબના નાગરિકોનો રેકોર્ડ ટાઈમમાં સુરક્ષિત અને આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત રસી ઉપલબ્ધ કરાવવા માટે સતત કામ કર્યું છે.

## JKમાં ૮ જાન્યુઆરી સુધી ૪જી ઈન્ટરનેટ પર પ્રતિબંધ, માત્ર ૨ જીલ્લાઓમાં છુટ

ન્યુ દિલ્હી,તા.૨૬

જમ્મુ અને કાશ્મીર શાસિત શાસિત ક્ષેત્રમાં ૪ જી ઈન્ટરનેટ સેવાઓ પર પ્રતિબંધ ચાલુ રહેશે. રાજ્ય વહીવટીતંત્રે શુક્રવારે (૨૫ ડિસેમ્બર) ૮ જાન્યુઆરી ૨૦૨૧ સુધી ૪ જી મોબાઈલ ઈન્ટરનેટ પર પ્રતિબંધ લંબાવી દીધો છે. બે જિલ્લાઓ, ઉધમપુર અને ગાંદરબલ જિલ્લાને આ પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે. ઉધમપુર અને ગાંદરબલમાં ૪ જી મોબાઈલ ઈન્ટરનેટ સેવા મળશે. રાજ્યના બાકીના ભાગોમાં હાઈ સ્પીડ ઈન્ટરનેટ સેવા પરના પ્રતિબંધો ચાલુ રહેશે. રાજ્યમાં ૨ જી નેટ સુવિધા મળશે. જમ્મુ-કાશ્મીરમાં હાઈસ્પીડ ઈન્ટરનેટ સેવા ૫ ઓગસ્ટ, ૨૦૧૯ થી બંધ છે. ૫ ઓગસ્ટ ૨૦૧૯ ના રોજ, કેન્દ્ર સરકાર, કલમ ૩૭૦ ને હટાવીને રાજ્યનો વિશેષ દરજ્જાને નાબૂદ કરી અને રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વહેંચી દીધી. તે સમયે રાજ્યમાં તમામ પ્રકારના સંદેશાવ્યવહાર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. બાદમાં, ધીરે ધીરે મોબાઈલ સેવા શરૂ કરવામાં આવી. આ પછી જાન્યુઆરીમાં ૨ જી ઈન્ટરનેટ સેવા પુન સ્થાપિત કરવામાં આવી હતી પરંતુ હાઈસ્પીડ નેટ પર હજી પણ પ્રતિબંધ છે. જમ્મુ-કાશ્મીરમાં ઈન્ટરનેટ પર પ્રતિબંધનો મામલો સુપ્રીમ કોર્ટમાં છે. ઈન્ટરનેટ ચાલુ કરવાના મુદ્દે કેન્દ્રએ સુપ્રીમ કોર્ટને કહ્યું હતું કે એક વિશેષ સમિતિ આ સુવિધાને અજમાયશી ધોરણે મંજૂરી આપવાની વિચારણા કરી રહી છે. રાજ્યના લોકોનું કહેવું છે કે આજના સમયમાં મોટાભાગનું કામ નેટ પર આધારીત બની ગયું છે. આવી સ્થિતિમાં, હાઈ સ્પીડ નેટ ન હોવાને કારણે ઘણી મુશ્કેલી પડી રહી છે.

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૩૧૭ અને ચાંદીમાં રૂ.૭૫૮નો સાપ્તાહિક ધોરણે ઘટાડો

મુંબઈ

કોમોડિટી ડેરિવેટિવ્ઝમાં દેશના અગ્રણી એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ) પર ૧૮થી ૨૪ ડિસેમ્બરના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં નરમાઈ રહી હતી. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧૭ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૭૫૮ ઘટ્યો હતો. એલ્યુમિનિયમ સિવાયની તમામ બિનલોહ ધાતુઓ ઘટીને બંધ થઈ હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને ઘટી આવ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં કપાસ અને કોટનના વાયદા ઘટવા સામે સીપીઓ અને મેન્થા તેલમાં સુધારો વાયદાના ભાવમાં રહ્યો હતો.

દરમિયાન, કીમતી ધાતુનો સૂચકાંક બુલડેક્સનો જાન્યુઆરી વાયદો ૧૫,૬૪૬ના સ્તરે ખૂલી, ઊંચામાં ૧૬,૦૩૦ અને નીચામાં ૧૫,૫૦૫ના મથાળે અથડાઈ સપ્તાહ દરમિયાન ૫૨૫ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૬૦ પોઈન્ટ ઘટી ૧૫,૬૨૦ના સ્તરે બંધ થયો હતો, જ્યારે બિનલોહ ધાતુઓનો સૂચકાંક મેટલડેક્સનો જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧૩,૯૪૧ના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ૫૩૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૧૮૪ પોઈન્ટ ઘટીને ૧૩,૬૮૮ના સ્તરે બંધ થયો હતો.

કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૩૧૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૫૧,૦૦૯ અને નીચામાં રૂ.૪૯,૬૮૦ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.૩૧૭ના ભાવઘટાડા સાથે રૂ.૫૦,૦૭૩ના સ્તરે બંધ થયો હતો.

ગોલ્ડ-ગિનીનો ડિસેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૦,૩૧૨ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૫૪૪ના ઘટાડા સાથે રૂ.૩૯,૮૨૭ થયો હતો, જ્યારે ગોલ્ડ-પેટલનો ડિસેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫,૦૨૧ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૭૪ ઘટી બંધમાં રૂ.૪,૯૬૨ના ભાવ થયા હતા.

સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૧૧૦ ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૫૦,૭૧૬ અને નીચામાં રૂ.૪૯,૪૬૫ સુધી જઈ સપ્તાહના અંતે રૂ.૪૭૬ ઘટી બંધમાં રૂ.૪૯,૭૮૭ના ભાવ થયા હતા.

ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૬૭,૯૬૧ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૭૧,૬૫૦ અને નીચામાં રૂ.૬૫,૬૦૪ના સ્તરને સ્પર્શી, સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૭૫૮ના ભાવઘટાડા સાથે રૂ.૬૭,૫૦૭ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૬૮,૧૭૦ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૭૧૬ની નરમાઈ સાથે રૂ.૬૭,૪૭૮ના સ્તરે બંધ થયો હતો, જ્યારે ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૬૮,૧૯૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૭૦૬ના ઘટાડા સાથે બંધમાં રૂ.૬૭,૪૭૭ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ ઓઈલનો જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૩,૫૭૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૩,૬૩૯ અને નીચામાં રૂ.૩,૪૧૯ બોલાઈ, સપ્તાહના અંતે રૂ.૧૫ ઘટી બંધમાં રૂ.૩,૫૫૪ના ભાવ થયા હતા. નેચરલ ગેસનો ડિસેમ્બર વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૧૯૫.૮૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૬.૪૦ ઘટી રૂ.૧૮૭.૫૦ થયો હતો.

કૃષિ કોમોડિટીઝમાં કપાસનો એપ્રિલ-૨૧ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧,૨૧૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨૭ ઘટી રૂ.૧,૧૮૧.૫૦ના સ્તરે બંધ થયો હતો, જ્યારે રૂ (કોટન)નો ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ગાંસડીદીઠ રૂ.૨૦,૬૭૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૨૦,૬૮૦ અને નીચામાં રૂ.૧૯,૮૧૦ના મથાળે અથડાઈ, સપ્તાહના અંતે રૂ.૧૭૦ના ભાવઘટાડા સાથે રૂ.૨૦,૩૦૦ના સ્તરે બંધ થયો હતો. ક્રૂડ પામતેલ (સીપીઓ)નો ડિસેમ્બર વાયદો ૧૦ કિલોદીઠ રૂ.૯૩૨.૯૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩૧.૩૦ વધી રૂ.૯૫૮.૫૦ના ભાવે બંધ થયો હતો.

## ૫ જાન્યુઆરીએ કોચી-મેંગલુરુ ગેઈલ પાઈપલાઈનનું ઉદ્ઘાટન કરશે વડા પ્રધાન



તરુવનંતપુરમ્,તા.૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાંચમી જાન્યુઆરીએ કોચી-મેંગલુરુ ગેઈલ પાઈપલાઈનનું ઉદ્ઘાટન કરશે. તેઓ આ પ્રસંગે યોજાનારા કાર્યક્રમને વીડિયો કૉન્ફરન્સ મારફત સંબોધશે અને વર્ચ્યુઅલ ઉદ્ઘાટનના પ્રસંગે મુખ્ય અતિથિના રૂપમાં આ નૅચરલ ગૅસ પાઈપલાઈન પ્રૉજેક્ટ કેરળ રાજ્યને સમર્પિત કરશે.

કેરળના મુખ્ય પ્રધાન પિનારયી વિજયને અહીં પત્રકારોને જણાવ્યું હતું કે ‘વડા પ્રધાન આ પ્રકલ્પ લૉન્ચ કરવા સંમત થયા એ અમારા રાજ્ય માટે આનંદની વાત કહેવાય. કેન્દ્રીય પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનનો બુધવારે મને ફોન હતો. તેમણે મને જાણકારી આપતા કહ્યું કે ‘વડા પ્રધાન આ પાઈપલાઈનના પ્રૉજેક્ટના ઉદ્ઘાટન માટે તૈયાર થઈ ગયા છે.’

વિજયને એવું પણ કહ્યું હતું કે ‘અમને એમ હતું કે આ પ્રકલ્પની સ્થાપના ક્યારેય સંભવ નહીં બને, પરંતુ ખુદ વડા પ્રધાન એના ઉદ્ઘાટન માટે તૈયાર છે એ ખુશીની વાત કહેવાય.’

૪૪૪ કિલોમીટર લાંબી આ પાઈપલાઈન બાંધવા ૨૦૦૯માં કાર્યક્રમ યોજાયો હતો અને એ પાછળ અંદાજે ૨,૯૧૫ કરોડનો ખર્ચ થવાનો હતો. આ પ્રૉજેક્ટ ૨૦૧૪માં શરૂ થઈ જવાનો હતો, પરંતુ સલામતી તથા જમીનના ભાવને લગતા કેટલાક મુદ્દે વિરોધ થવાથી પ્રૉજક્ટ અટકી પડ્યો હતો.

હવે આ પ્રૉજેક્ટનો ખર્ચ બમણો થઈને ૫,૭૫૦ કરોડ ઉપર પહોંચી ગયો છે.

# ગુજરાત વકફ બોર્ડ માં ભ્રષ્ટાચારનો અજગરી ભરડો : મુસ્લિમ અગ્રણીઓનું ભેદી મૌન



વંથલી : ગુજરાત રાજ્ય માં લઘુમતી સમાજ ની મસ્જીદ મદ્રસાઓ , કબ્રસ્તાન અને ખાનકાહો જેવી ધાર્મીક સંસ્થાઓ ના ટ્રસ્ટો ની દેખ રેખ રાખવા વકફ બોર્ડ અસ્તીત્વ માં આવ્યું પરંતુ ખાટલે મોટી ખોટ કે લઘુમતી સમાજની સરળતા ખાતર બનાવવામાં આવેલ વક્ફ બોર્ડ માં ભ્રષ્ટાચાર નો ભોરિંગ ફેલાયો છે.

વધુમાં પ્રાપ્ત થતી વિગત અનુસાર ભરૂચ ના કરમાડ વિસ્તાર ની અંદાજીત બે કરોડની મિલકત વકફ ના પદાધિકારીઓની મીઠી નઝર અને મીલીભગત થકી બે લાખ માં વેંચી મારવાના ષડયંત્ર નો પર્દાફાસ થયો છે. વકફ ટ્રીબ્યુનલ કોર્ટ એ આપેલ ઐતિહાસીક ચુકાદાને આવકારતા વકફ હિત રક્ષક સમીતી ના યુવા અગ્રણી ઈરફાનશાહ સુહરાવર્દી એ જણાવ્યું છે કે વકફ બોર્ડ ના ભ્રસ્ટાચારી મંડળી એ રાજ્ય માં અનેક જગ્યાએ કાળા કારસ્તાનો આચરેલ છે. વકફ ની મિલકત એ ઈશ્વરની મિલકત હોય તેની રક્ષા કરવાને બદલે લાખો કરોડો રૂપિયા ની અનેક મિલ્કતો વેચી મારવાનું કારસ્તાન કર્યું છે. આ ભ્રષ્ટાચારી ટોળકીને ખુલ્લી પાડવાને બદલે રાજ્ય ના વરિષ્ઠ મુસ્લીમ અગ્રણીઓ અને ત્રણ ત્રણ મુસ્લીમ ધારાસભ્યોનું ભેદી મૌન સમગ્ર લઘુમતી સમાજને અકળાવી રહ્યું છે

વધુમાં મુસ્લીમ અગ્રણી ઈરફાનશાહ એ આક્રોશપૂર્વક જણાવ્યું છે કે , રાજ્ય ની કોઈ પણ ધાર્મિક સંસ્થામાં ટ્રષ્ટીઓ વચ્ચે અથવા દરગાહ ના સેવકો વચ્ચે મતભેદ ઉભો થાય કે કોઈ વિવાદ ઉદ્દભવે તેવા સંજોગો માં વકફ ના પદાધીકારીઓ દ્વારા સુલેહ- સમાધાન કરાવવાને બદલે રાતોરાત ફેરફાર રિપોર્ટ મંજુર કરી તક નો લાભ લઇ પોતાના મળતિયાઓને વહીવટદાર તરીકે ધરાર ઠોકી બેસાડવામાં આવે છે

૧૯૯૫ પછી અનેક મલાઈદાર ટ્રસ્ટો માં વકફ ના માનીતા ટ્રસ્ટીઓ બિરાજમાન થઇ ગયા છે અને હકદારો તડપી રહ્યા છે. વકફ બોર્ડ નો ભ્રસ્ટાચાર છતો ન થાય તે માટે કર્મચારીઓ પણ મળતીયાઓ જ રાખવામાં આવી રહ્યા છે જી.પી.એસ.સી. થ્રુ અથવા ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ મારફત ભરતી કરવાને બદલે સગાવાદ કરી મામા માસી ના ની પસંદગી કરવામાં આવી રહી છે

વધુ માં ઈરફાનશાહ એ માહિતી આપતા જણાવ્યું છે કે ભૂતકાળ માં વકફ બોર્ડ માં ૨૦૦ કરોડના ભ્રસ્ટાચાર થકી ચર્ચાસ્પદ બની હતી ત્યારે ફરી એકવાર ભ્રસ્ટાચારીઓ એ પોતાનું પોત પ્રકાશ્યું છે. લઘુમતી સમાજની સરળતા ખાતર બનાવવામાં આવેલ વકફ બોર્ડ માં ભ્રસ્ટાચાર વગર કામ થતું જ નથી તો વક્ફબોર્ડ નું કામ શુ છે ??? વકફ બોર્ડ ને અલીગઢી તાળા મારી પોત પોતાના જિલ્લામાં ચેરીટી કમિશનર ને હવાલો સોંપી દેવા રાજ્ય સરકાર સમક્ષ માંગ કરી છે. કારણ કે વકફ બોર્ડ ના પદાધિકારીઓ દ્વારા કાયદાઓ નું છડેચોક ઉલ્લંઘન કરી રાજ્ય સરકારની પ્રતિષ્ઠા ને ઝાંખપ લાગે તેવી જ પ્રવૃર્તીઓ કરવામાં આવી રહી છે.તાજેતરમાં જ ચેરમેન દ્વારા અમદાવાદ ની એક સંસ્થા નો કબજો મેળવવા વિવાદ સર્જાયો હતો અને સમગ્ર ઘટના છાપે ચડી હતી,જે ચેરમેન પોતાની જ્ઞાતિ નું ભલું ના કરી શકે તે લઘુમતી સમાજ નું શુ ભલું કરી શકવાનો હતો...??? તેવા સવાલો ઉદ્દભવી રહ્યા છે ત્યારે

વકફ બોર્ડ ના સભ્યોને તાત્કાલિક દૂર કરવા માંગણી કરતા અંતમાં જાગૃત મુસ્લીમ અગ્રણી ઈરફાનશાહ એ જણાવ્યું છે કે વકફ ના પદાધિકારીઓ ની કોઈ ફરિયાદ હોય તો અથવા ભ્રષ્ટાચાર નો ભોગ બન્યા હોય તો ૯૮૨૪૬ ૨૩૭૮૬ –૯૮૯૮૧ ૭૪૭૯૧ ઉપર માહિતી આપવા અનુરોધ કરાયો છે રાજ્યની તમામ માહિતીઓ - પુરાવાઓ એકત્રિત કરી વકફ હિત રક્ષક સમીતી ના બેનર તળે પ્રતિનિધી મંડળ રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણી ની મુલાકાત લઇ ધારદાર રજુઆતો કરવાનો તખ્તો ઘડાઈ રહ્યો છે

રીપોર્ટર - જીજ્ઞેશ પટેલ માણાવદર

# યુકે બાદ ફ્રાન્સમાં કોરોના વાયરસનો નવો સ્ટ્રેન મળી આવતા ખળભળાટ મચ્યો




પેરિસ,તા.૨૬

ફ્રાંસમાં પણ કોરોના વાયરસના નવા સ્ટ્રેનનો પહેલો કેસ સામે આવ્યો છે. ફ્રાંસના આરોગ્ય મંત્રાલયે એ વાતની પુષ્ટિ કરી છે. ત્યાંની સ્થાનિક મીડિયાએ આરોગ્ય મંત્રાલયનો હવાલો આપીને જણાવ્યુ કે બ્રિટનથી હાલમાં જ પાછો આવેલ એક ફ્રાંસનો નાગરિક ટ્યુર્સ શહેરમાં કોરોનાના નવા સ્ટ્રેનથી સંક્રમિત જોવા મળ્યો છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યુ છે કે જો કે હજુ આ વ્યક્તિમાં સંક્રમણના કોઈ લક્ષણ તો દેખાયા નથી પરંતુ રિપોર્ટ પૉઝિટીવ આવ્યો છે. સાવચેતી રૂપે વ્યક્તિને હાલમાં હોમ ક્વૉરંટાઈનમાં રાખવામાં આવ્યો છે. આ વ્યક્તિ ૧૯ ડિસેમ્બરે લંડનથી આવ્યો હતો. ૨૧ ડિસેમ્બરે એક હોસ્પિટલમાં વ્યક્તિની તપાસ કરવામાં આવી હતી.

કોરોના વાયરસના આ નવા સ્ટ્રેન વિશે સૌથી પહેલા બ્રિટનમાં જાણવા મળ્યુ છે. કોરોનાના આ સ્ટ્રેન વિશે બાકીના દેશોમાં પણ ડર છે. હાલમાં ભારતમાં આનો એક પણ કેસ સામે આવ્યો નથી. ૫૦થી વધુ દેશોએ યુકે સાથે પોતાની હવાઈ યાત્રા પર પ્રતિબંધ લગાવી દીધા છે. બ્રિટનમાં કોરોના વાયરસના નવા સ્ટ્રેનની પુષ્ટિ નવેમ્બર મહિનામાં થઈ હતી. બ્રિટનનો આ નવો કોરોના સ્ટ્રેનનો કેસ નેધરલેન્ડ, જર્મની, ઑસ્ટ્રેલિયા સહિત અન્ય દેશમાં પણ જોવા મળ્યો છે.

બ્રિટન અને દક્ષિણ આફ્રિકા બાદ હવે આફ્રિકી દેશ નાઈજીરિયામાં પણ કોરોના વાયરસનો નવો સ્ટ્રેન મળ્યો છે. ગુરુવાર(૨૪ ડિસેમ્બર)ના રોજ આફ્રિકાના મોટા સાર્વજનિક આરોગ્ય અધિકારીએ આ વાતની પુષ્ટિ કરીને કહ્યુ કે નાઈજીરિયામાં પણ કોરોના વાયરસનો નવો સ્ટ્રેન જોવા મળ્યો છે. તેમણે એ પણ કહ્યુ કે બ્રિટન અને દક્ષિણ આફ્રિકાના કોરોના સ્ટ્રેનથી નાઈજીરિયામાં જોવા મળેલ સ્ટ્રેન અલગ છે. બુધવારે (૨૩ ડિસેમ્બર) બ્રિટનમાં દક્ષિણ આફ્રિકાથી આવેલ બે મુસાફરોમાં કોરોનાનો એક નવો સ્ટ્રેન મળ્યો છે. આ નવા સ્ટ્રેનને બ્રિટિશ આરોગ્ય મંત્રીએ ૭૦ ટકા વધુ સંક્રામક બતાવ્યો હતો.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક.સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

**ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ૧ માં આપવામાં આવેલ વિષય " એકરાર,સ્વપ્ન સંસાર,સ્વપ્ન જેવી સંબંધ" અંતર્ગત ગ્રુપ ના સભ્યો ની આજે આઠ ગદ્ય રચનાઓ.....**

.www.janfariyadnews.com

---

NOG SS NO:004

**વિભાગઃ લેખ**

**વિષય શબ્દઃ એકરાર**

**શીર્ષકઃએકરાર..(આત્મ વંચના)**

**માનો કે ન માનો ઉપર તો જરૂર**
**થઈ જાય એકરાર હૈયાનો !**
**છુપાવતા ફરો મનની મનો વ્યથા,છતાં**
**ચહેરા પર ઉદ્ભવી જાય એ એકરાર!**
**હર્ષ હોય કે ખુશી કે આનંદ મળી જાય**
**સાક્ષી તે આંખોને હર્ષાશ્રું દ્વારા ,**
**એ જ એકરાર!**
**ચિત્રકાર પીંછીથી, લેખક કલમથી,**
**ગાયક તેની ગાયકીથી,મેળવેલી કળાથી**
**કરે તે એકરાર!**
**મિત્ર પાસે હૈયાની માંગી લઈએ ઉલઝન,**
**મૈત્રી ભાવે તેમાં ખભે વહાવી લઈએ**
**અશ્રું ને ભાગે વહેંચી લઈએ ભાવ તે,**
**હૃદયનો એકરાર!**
**સહૃદયી મિત્ર બની ભાગીદાર બની**
**જઈએ તેના સુખ-દુઃખના તે**
**સહચાર્યનો, એકરાર!**
**મનથી બીજાનાં ને તનથી બીજાંના**
**બનવું પડે ત્યારે તે છેસમજોતાના**
**કરારનો એકરાર!**
**ક્યાં જઈશું? શું કરીશું? ન સૂજે ત્યારે**
**, જાણવા છતાં કરીએ તે રાવ પત્થરની**
**આકાર સહ મૂર્તિ પાસે રાખી જવાબની**
**આશ તે શ્રધ્ધાનો એકરાર!**
**સબૂરી રાખી હિમ્મતથી કાર્યને સુલટાવી**
**દઈએ તે જરૂરઆપણી ધીરજનો ,**
**એકરાર!**
**ડગલે ને પગલે અનજાન બની તે સાથે**
**ને સાથે છે એ માનતાં થઈએ તે અંતિમ**
**એકરાર ઈસનો કરે હૃદયે વાસ એ**
**આપણાં આત્માનો,**
**એકરાર!**

**જયશ્રી પટેલ**

---

NOG SS No :- 0048

**વિભાગ - ગદ્ય**

**વિષય -એકરાર**

**શીર્ષક - સમજણ**

**અવની તેની આઠ વર્ષના દીકરા ઈશાનનો ઓરડો સાફ કરી રહી હતી. ત્યાં ગાદી નીચેથી તેને ગત અઠવાડિયે લેવાયેલ ગણિતની પરીક્ષાનું જવાબપત્ર મળ્યું. ઈશાનને તેમાં ઓછા ગુણ આવ્યા હતા અને અવનીના પૂછવા પર તેણે કહ્યું હતું કે, ગુણ આવતા અઠવાડિયે આવશે. અવનીની આંખ સામે તેનું અને ભાઈ આકાશનું બાળપણ તરવરી ઊઠ્યું. આકાશને આઠમા ધોરણમાં ઓછા ગુણ આવવાથી, તેણે ઘરમાં બધાંથી છૂપાવ્યું અને પાછળથી મમ્મી-પપ્પાને ખબર પડતાં, પપ્પાએ તેને ખૂબ માર્યો. પપ્પાનો ગુસ્સો ઓછા ગુણ સામે નહીં પણ વાત છૂપાવવા માટે હતો. પરંતુ, આ વાત સમજાવવાની રીત ખોટી હતી. આકાશે પપ્પાના આ વર્તનથી લાગેલ આઘાતના પ્રત્યાઘાત સ્વરૂપે ઘર છોડી દીધું અને આજે વર્ષો પછી પણ તેના કોઈ જ ખબર ન હતાં.**

**ભાઈ આકાશનું બાળપણ ઈશાનના બાળપણમાં પ્રતિબિંબિત ન થાય, એના માટે તે ઈશાનને સાચી સમજણ આપવા કટિબધ્ધ બની. જેથી ભવિષ્યમાં ઈશાન પોતાની ભૂલ કે નિષ્ફળતાનો એકરાર કરતાં અચકાય નહીં.**

**પ્રકૃતિ શાહ "પ્રીત"**

NOG SS No...19

**શબ્દ...એકરાર**

**પ્રકાર... ગદ્ય**

**શિર્ષક ...**

**સલોની આમ તો નામ મુજબ જ સીધી સાદી,અને સરળ સ્વભાવ ધરાવતી હતી. સાદગી અને બુદ્ધિશાળી હોવાનાં લીધે એની સ્વચ્છ છબી સૌનાં મનને મોહી લેતી.હમણાંથી એ ખૂબ મૂંઝવણમાં હતી.પરિસ્થિતિ જ એવી હતી કે એ કોઈને કહી શકતી નહોતી. એનાં સરનામે કોઈને કોઈ ટપાલ આવતી.એમાં લખનાર પોતાનાં તીવ્ર પ્રેમનો એકરાર કરતો, પણ કોઈ નામ લખેલું ન આવે. એણે થોડાં દિવસ આ વાત છુપાવી,,પણ ક્યાં સુધી આ ચાલી શકે?**

**કોલેજમાં કોઈ આવું કરતું હશે? કોઈ સંબંધી આવું કરતું હશે? કોઈ ટીખળ કરી પજવે છે... કે કોઈ ખરેખર પોતાને ચાહે છે? આ પ્રશ્નનો ઉત્તર એની પાસે નહોતો. બહુ મથામણ કરી એણે થોડા સમય રાહ જોઇ ,સમય આવ્યે જવાબ દેવાશે, એમ વિચાર્યું. પત્રો તો રોજ આવતાં જ રહ્યાં. સલોની બધાં પત્રો છુપાવીને રાખવા લાગી.ઘરમાં એનાં માટે સારો મૂરતિયો જોવાની વાત થવા લાગી.એ ગભરાવા લાગી..કે હવે શું કરવું? કોલેજના અંતિમ દિવસે એણે પોતાની અંગત સખી હિનાને વાત કરી કે મારી સાથે આવું થઈ રહ્યું છે. હિના તો ડઘાઈ ને જોઈ રહી,કેમકે એની સાથે પણ ઘણાં સમયથી આ જ રીતે પત્રો આવતા હતાં,, ને એણે પણ કોઇને વાત નહોતી કરી.બંને સખીઓ મૂંઝાઈ ગઈ.એમણે નિર્ણય કર્યો કે આપણા પ્રોફેસર પૂર્વિબેનનું માર્ગદર્શન લઈએ. બંને એ એમને મળીને પરિસ્થિતિથી માહિતગાર કર્યા. પૂર્વિબહેને એક દિવસ પછી બંને ને ઓફિસમાં બોલાવ્યા. ત્યાં એમની સાથે ભણતો આકાશ પણ હાજર હતો. એનો ચહેરો પડી ગયો હતો. એણે એકરાર કર્યો કે મને બંને સખીઓ..સલોની,અને હિના ખૂબ ગમે છે. હું એમને ખૂબ ચાહું છું. મને ખબર છે કે આ એકતરફી છે. પણ આ મારો કલ્પનાનો મધુર સંબંધ છે. મારી ભૂલ થઇ. મને જે સજા આપો એ મંજૂર! બંને સખીઓ એ એને એક શરતે માફ કર્યો કે આવું હવે કોઈ યુવતી સાથે કદી ન કરતો. એ ત્યાંથી ચાલ્યો ગયો. પૂર્વિબેન કહ્યું.. મેં બંને પત્રો ના અક્ષર ચેક કરાવતા.. એ આકાશ જ નીકળ્યો તમે ચિંતા ન કરશો.**

**એ પછી આકાશ કયાં ગયો, કોઇને ખબર ન પડી.સ્વપ્નના ખયાલી સંબંધનો અંત આવ્યો.**

**કલ્પનાબેન ત્રિવેદી. સુરેન્દ્રનગર**

---

NOG. સાહિત્ય સરિતા (૧)

NOG SS. No. 0029

**વિભાગઃગદ્ય**

**વિષયઃસપના જેવો સંબંધ**

**શીર્ષકઃ "મુહૂર્ત"**

**"મુહૂર્ત"**
**ત્રીજ અને તેરસ વણપૂછ્યું મુહૂર્ત**
**આપણા સપના જેવા સંબંધનું ચાલ કરીએ ખાતમુહૂર્ત.**
**ઉમેરીએ એમાં પ્રેમમાં ઝબોળેલા આ મસાલા ખૂબસુરત.**
**ક્યાંક હકથી ફરિયાદ -**
**ક્યાંક પ્રેમનો એકરાર -**
**ક્યાંક માફી માગતાં ખચકાટ-**
**ક્યાંક વહાલનો વરસાદ-**
**ક્યાંક મનની વાત-**
**ક્યાંક દિલની દિલેરી-**
**ક્યાંક રિસામણાં-મનામણાં-**
**ક્યાંક અહંકાર મૂકવાની રાહ-**
**બસ, ચોઘડિયાંની વાટ ન જોવાય,**
**આ છે જ શુભ મુહૂર્ત.**
**ત્રીજ અને તેરસ વણપૂછ્યું મુહૂર્ત.**

**લીના વછરાજાની.**

---

NOG.સાહિત્ય સરિતા (૧)

NOG SS No : 0063

**વિષય : સ્વપ્ન સંસાર**

**વિભાગ : ગદ્ય**

**પ્રકાર : માઇક્રો ફિક્શન**

**શીર્ષક : સપના**

**સુંદર સલુણી સાંજ, ભીનું-ભીનું વાદળછાયું વાતાવરણ, અફાટ સમુદ્રમાં દૂર -સુદૂર તારલાઓ સરીખા ટમટમતા વિશાળ જહાજોમાંનો પ્રકાશ, તોફાની ઉછળતા દરિયાઈ મોજાને હંફાવી પોતાના અસ્તિત્વને ટકાવતી નાની નાની હોડીઓ, પોતપોતાના નાના મોટા વ્યવસાયમાં રત ફેરિયાઓ, શરીર સ્વાસ્થ્ય જાળવવા વિવિધ પ્રવૃત્તિઓમાં વ્યસ્ત માનુનીઓ, દોડધામવાળી જિંદગીની ઘટમાળમાં ઘડીભર ખુશી માણતાં મધ્યમવર્ગીય કુટુંબો હાથમાંહાથ નાખીને ફરતા કે ખૂણેખાંચરે બેસી સ્વર્ગીય જીવનની પરીકલ્પનામાં રાચતા પ્રેમી યુગલો. મુંબઈના દરિયાકિનારે આવાજ સ્વપ્નસંસારના વિચારોમાં રમમાણ સપનાનાં બધાજ રંગબેરંગી સ્વપ્નોની ઈમારત તાદ્રશ્ય હકીકત જોઈ કડડભૂસ થઈ ગઈ.**

**જ્યારે એણે, પ્રણવસરને પત્ની અને બાળક સાથે ઘોડાગાડીમા ફુગ્ગાથી રમતા અને એકજ આઈસ્ક્રીમની મજા માણતા જોયા..!**

**રીટા ભાયાણી**

---

NOG group(સાહિત્ય સરિતા-૧)

NOG SS.NO. 0034

**વિષય : એકરાર**

**શીર્ષક : એસિડ અટેક**

**શ્વેતા અને ઉમંગના સુખી દાંમ્પત્યજીવનને આજે બે વર્ષ પૂરાં થયાં. ઈશ્વરકૃપાથી ચારેકોર સુખ જ સુખ હતું. પણ... શ્વેતાનો ચહેરો!! અરીસામાં જોવાની તો હિંમત જ નહોતી થતી. સાજ શણગાર કરવાનું તો એણે વર્ષોથી બંધ કરી દીધું હતું. એ ગોઝારા દિવસને તે ભૂલી શકતી નથી.**

**કેવી રૂપરૂપની અંબાર જેવી તે લાગતી હતી. કોલેજમાં છોકરીઓ તેનાં રૂપની ઈર્ષા કરતી તો છોકરાંઓ તેનાં ગુલાબી ચહેરાની એક ઝલક મેળવવા માટે તડપતાં. એનું આ રૂપ જ તેનું દુશ્મન બન્યું હતું ને! એક દિવસ કોલેજથી તે ઘરે જવા નીકળી અને રસ્તામાં અચાનક તેનું સ્કૂટી બંધ પડી ગયું. તે સ્કૂટી સાઈડમાં પાર્ક કરીને ઓટોની રાહ જોતી ઊભી હતી. ત્યાં જ બે બાઇકસવાર ચહેરો ઢાંકી ને આવ્યા અને તેનાં ચહેરા પર જલદ કેમિકલ છાંટીને ભાગી ગયા. દર્દમાં તડપતી તે માંડ માંડ હોસ્પિટલ સુધી પહોંચી. કેટલીય સારવાર કરાવી પણ તેના ચાંદ જેવા ચહેરો હવે બળીને સાવ કોલસા જેવો થઈ ગયો હતો. તે ખૂબ જ ઉદાસ થઈ જતી અને વારંવાર એક જ સવાલ થતો, મેં કોઈ નું શું બગાડ્યું હતું? તેની સગાઈ પણ તૂટી ગઈ. એ સમયે તેની સાથે જ ભણતો ઉમંગ તેની મદદે આવ્યો. તેણે શ્વેતાને આ આઘાતમાંથી બહાર લાવવા ખૂબ પ્રયત્ન કર્યા અને જ્યારે તે સ્વસ્થ થઈ ગઈ ત્યારે તેની સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. શ્વેતા તેનો પ્રસ્તાવ સ્વીકારી લીધો કારણ કે એ નહોતી જાણતી કે તેની ટ્રેજડી પાછળ તેનાં પતિનો જ હાથ હતો!!**

**એક દિવસ તેનાં પતિએ ઘરે નાનકડી પાર્ટીનું આયોજન કર્યું હતું. જૂનાં મિત્રો પાર્ટી બાદ વાતોએ વળગ્યા ત્યારે વાતવાતમાં જ ઉમંગનો મિત્ર એસિડ અટેકની વાત કરતો હતો. બરોબર એ જ સમયે શ્વેતા ત્યાં આવી ચડી અને તેણીને બધી સત્ય હકીકતની જાણ થઈ. તેના પગ નીચેથી ધરતી સરકી રહી હતી અને બધું જ ગોળ ગોળ ફરતું હોય એમ તે એનું બેલેન્સ માંડ માંડ જાળવી શકી.તેણીએ ઉમંગને ખૂબ જ ગાળો ભાંડી, પરંતુ હવે શું? ઉમંગનાં એકરારથી તેનો ચહેરો પહેલાં જેવો થઈ જશે? ઉમંગે તેની સાથે એનો અહમ સંતોષવા માટે જ લગ્ન કર્યાં હતાં? ઉમંગ તેની ભૂલની માફી માંગી અને તેને સમજાવી પણ હવે તે એનો વિશ્વાસ કેવી રીતે કરે??**

**બીજે દિવસે શ્વેતા એ હૃદયહીન માણસનું ઘર છોડીને ચાલી નીકળી.**

**ડો. રેખા શાહ કચોરીયા...મોરબી**

---

NOG SS NO 0002

**વિષયઃ એકરાર**

**શીર્ષકઃ મારો એકરાર**

**આજે મને મારા એક ખાસ મિત્રનો મેસેજ આવ્યો જીજ્ઞાબેન એકરાર પર કંઈ લખો એની આ ઈચ્છાને માન આપી આજે આ નિયતી લગભગ ૪ મહિના પછી કલમ ઉપાડી રહી છે .**

**એકરાર એટલે શું?**

**એકરાર એટલે પોતે કરેલી ભૂલનો અહેસાસ**

**બીજીવાર એ ભૂલ ન થાય એની આપણે જાતને સમજાવવાની..**

**મારો એક સવાલ છે આપણામાંથી એનું પાલન કેટલા કરે છે? શું એક વખત એકરાર કરીને ફરી એ ભૂલ નહી થાય? કારણ "માણસ માત્ર ભૂલ ને પાત્ર"**

**મારા મત પ્રમાણે એકરાર કરવા કરતાં તમારા મનને ભૂલ ન કરવાં મજબૂત બનાવો , આપણાં ગ્રુપની જ વાત કરું આપણે સ્પર્ધા કરતાં ત્યારે કેટલાં લોકો લખતાં? હવે સ્પર્ધા બંધ કરી તો બધાં લખવા લાગ્યા !**

**કેમ આવું કેમ તમે જો લેખક કે કવિ છો તો સ્પર્ધામાં ડર કેમ? કે પછી દાદીશાની બીક હતી ! મને એક વાતની ખબર નથી પડતી કે સ્પર્ધા તો જીવનમાં ડગલે ને પગલે હોય જ છે અને રહેશે એજ જીવનની કડવી વાસ્તવિકતા છે તો ડર કેમ?મને ઘણા કહે છે આ નિયતીને કોઈ ડર નથી બધું ખુલ્લુ લખી નાંખે છે હા! મારા આર્ટિકલમાં હું એમને ખુલ્લા તો પાડી જ દઉં છું કારણ જ્યાં નિયત અને નિમિત બન્ને ભેગાં થાય એનું નામ જ નિયતી. ઘણા મને એમ પણ કહે નિયતી આમ નહી નિયતિ આમ લખાય એવાં વિઘ્નસંતોષીને મારો એક જ જવાબ છે "મેરી મરજી"**

**બીજુ શું કહું હજી તો ઘણાને ખુલ્લા પાડવા છે કારણ જેનાં થકી આપણે આગળ આવ્યા અને જેને લીધે સમાજ આપણને ઓળખતા થયા એની આ સેવા ભૂલી એને લાત મારીને આગળ આવીને એનાં જ ગ્રુપમાં આવી જોહુકમીને શું કહેશો ? હું એમને શરમ વગરના કહીશ કારણ જો લાજ શરમ હોય તો એ આવું કરી જન શકે ! મારી કલમ તો બોલશે કારણ નિયતીની નિયત જ લખવાની છે.....**

**જય શ્રી કૃષ્ણ**

**જીજ્ઞા કપુરિયા "નિયતી"**

---

NOG SS No ::78

**વિષય :: સ્વપ્ન સંબંધ**

**વિભાગ :: લઘુ કથા**

**તરુણ જોષીનું ફેમિલી નવું નવું જ અક્ષરધામ ટાઉનશિપ, ભરૂચ રહેવા આવ્યું હતું. દસ માં ધોરણ માં ભણતો તરુણ ચેસ ચેમ્પિયન, ટેનિસ એક્સપર્ટ, સ્કેચ આર્ટિસ્ટ, સ્કૂલ ટોપર, બોલવામાં હોશિયાર, શિક્ષકોનો ફેવરિટ અને મમ્મી, પપ્પા ની આંખો નો તારો....**

**અક્ષરધામ ટાઉનશિપમાં જ રહેતી મૈત્રી પણ કંઈક આવી જ હતી.સોસાયટી માં પાર્ટી યોજાય, પિકનિક ગોઠવાય, ક્લબ પ્રવૃત્તિ હોય ત્યારે આ બંને મળે અને સરખા અખાબોલા સ્વભાવ ને લીધે બંનેનો ખૂબ ઝઘડો થાય. મૈત્રી હંમેશા તરુણ માટે કહેતી સમજે છે શું આ છોકરો પોતાને ? "એન એરોગંટ બોય" દિવસો વીતતા ગયા. ત્રણ વર્ષ થઇ ગયા. છોકરાઓ મોટા થઇ ગયા. હવે તરુણ, મૈત્રી ઝઘડતા ન હતા. સ્કુલેથી ઘરે જતા ઘણી વાર બંને વાતો કરતા . ક્લબ હાઉસમાં મળતા. મૈત્રી હંમેશા તરુણ ને પૂછતી, "તરુણ,તને હંમેશા ફર્સ્ટ આવીને કંટાળો નથી આવતો ? યુ આર સો કૂલ મેન ? હાવ યુ આર મેનેજીંગ ઓલ થિંગ્સ સો નાઇસલી ? જવાબમાં તરુણ ફક્ત સ્માઈલ આપતો. તરુણના પપ્પા એ વર્ષો પહેલા કેનેડાની ફાઈલ મૂકી હતી. ફાઈલ પાસ થઇ ગઈ એમને ફેમિલી વિઝા મળી ગયા હતા. આ બાજુ તરુણનું ૧૨ સાયન્સનું પરિણામ જાહેર થયું. તરુણે આખા ગુજરાતમાં ટોપ કર્યુ હતું. અને એણે અલબર્ટા, કેનેડાની કોલેજ ઓફ એન્જિનયરિંગમાં એડમિશન મળી ગયું. હવે જોષી ફેમિલી ભરૂચ છોડીને જવાના હતાં કદાચ કાયમ માટે.**

**ખૂબ ટૂંકા સમયમાં જોષી ફેમિલી બધાનું ફેવરિટ થઇ ગયું હતું.અહીં બધાં જ તરુણને મિસ કરશે. પણ સૌથી વધારે જો કોઈ મિસ કરતુ હતું તો એ હતી મૈત્રી. એના મનમાં ગજબ ઉથલ પાથલ હતી. જે તરુણ એને આંખ સામે ન હતો ગમતો એ તરુણને તેની નજર શોધતી હતી.તેના વગર એને જરાય ગમતું ન હતું. આ લાગણી બંને તરફ હતી. શું ખબર?**

**ચાર વર્ષ થઇ ગયા છે.તરુણનું ફેમિલી કેનેડા સરસ સેટ થઇ ગયું છે. તરુણ આલ્બર્ટા એન્જિનિરીંગની કોલેજ નો ટોપર છે.**

**પણ મૈત્રીના મનમાં હજી ખાલીપો છે. છેલ્લે મળ્યાં હતા ત્યારે મૈત્રીએ તરુણને પૂછ્યું હતું, "વ્હેન વિલ યુ કમ બેક ? એની ચાન્સ વી વિલ મિટ ? હંમેશા ની જેમ તરુણે સ્માઈલ કર્યુ કઈ કીધું નહી. પણ મૈત્રીએ સાંભળી લીધું "યુ નો આય એમ વેરી એમબિશીયસ...ફોર મી સ્કાય ઇઝ ધ લિમિટ." કદાચ તરુણને પણ મૈત્રી ગમતી હતી જ પણ એ કોઈ કમિટમેન્ટ માં બંધાવા માંગતો ન હતો. આ તે કેવો તરુણ, મૈત્રી નો સંબંધ? કદાચ કદાચ સ્વપ્ન સંબંધ.**

**સૌ વંદના દયાળ સુરત**







# રિપબ્લિક ડે પરેડમાં સામેલ થવા દિલ્હી આવેલ ૧૫૦ સૈનિકો કોરોના પોઝિટિવ

ન્યુ દિલ્હી,તા.૨૬

રિપબ્લિક ડે અને આર્મી ડે પરેડમાં ભાગ લેવા માટે દિલ્હી પહોંચેલા લગભગ ૧૫૦ સૈનિકો કોવિડ પોઝિટિવ હોવાનું જાણવા મળ્યું છે. સેફ બબલ પર મોકલતા પહેલા આ સૈનિકોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા અને તેમાં કેટલાક પોઝીટીવ મળી આવ્યા છે. મીડિયાનાં સૂત્રોના હવાલાથી લખવામાં આવ્યુ છેકે, લગભગ બધા જ એસિમ્પ્ટોમેટિક છે. પોઝીટીવ મળેલા સૈનિકોને દિલ્હી કેન્ટોનમેન્ટમાં ક્વોરેન્ટાઈન રાખવામાં આવ્યા છે. આ સૈનિકો પરીક્ષણ કરાયેલા થોડા હજાર સૈનિકોમાંના છે. આવી સ્થિતિમાં, પરેડ સુરક્ષિત રીતે યોજવા માટે જરૂરી પ્રોટોકોલ નક્કી કરવામાં આવ્યા છે.

ડિસેમ્બરમાં દર વર્ષે હજારો સૈનિકો દિલ્હી આવે છે. રિપબ્લિક ડે અને આર્મી ડે પર પરેડમાં ભાગ લે છે. કોવિડ રોગચાળો હોવા છતાં, આવતા વર્ષે ૨૬ જાન્યુઆરીએ રાજપથ પરેડની તૈયારીઓ ચાલી રહી છે. ભારતે બ્રિટિશ વડા પ્રધાન બોરિસ જહોનસનને પ્રજાસત્તાક દિવસ ૨૦૨૧ની ??ઉજવણી માટે મુખ્ય અતિથિ તરીકે આવવા આમંત્રણ આપ્યું છે. યુકેમાં નવા કોવિડ સ્ટ્રેન હોવા છતાં તે ભારત આવી રહ્યા છે, વિદેશ મંત્રાલયે આ વાતની પુષ્ટિ કરી છે.

જૉનસને ગયા વર્ષે કાર્યભાર સંભાળ્યા પછી આ તેની પ્રથમ મોટી વિદેશ યાત્રા હશે. ભારતની તેમની મુલાકાતે બોરીસે કહ્યું છે કે "આવતા વર્ષની શરૂઆતમાં ભારતની મુલાકાત લઈને હું ખૂબ ખુશ છું."૨૭ વર્ષ પછી હશે કે જયારે બ્રિટનના વડા પ્રધાન ભારતના ૭૦મા પ્રજાસત્તાક દિને મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. આ પહેલા ૧૯૯૩માં બ્રિટીશ વડા પ્રધાન જહોન મેજરે નવી દિલ્હીમાં પ્રજાસત્તાક દિનની પરેડમાં ભાગ લીધો હતો.

### ભરુચ નર્મદા સહિત ગુજરાત મા નવા રાજકીય સમીકરણો રચાઈ રહ્યા છે!

# ગુજરાતમા BTP અને AIMIM ગઠબંધનની ભાજપ કોંગ્રેસને હરાવવા એલાયન્સ કરશે

રાજપીપળાઃ તા ૨૬

ભરુચ નર્મદા સહિત ગુજરાતમા નવા રાજકીય સમીકરણો રચાઈ રહ્યા છે!ભાજપા કોંગ્રેસ ની સામે હવે નવા વીલ્કપ તરીકે બિટીપી અને AIMIMનુ નવુ ગઠબંધન રચાવા જઈ રહ્યુ છે. બિહાર મા ઓવૈસીએપગ દંડો જમાવ્યા પછી હવેઓવૈસીસી ની નજર઼.બંગાલ અને હવે ગુજરાત પર છે.

રાજસ્થાનમાં ડુંગરપુરા જિલ્લા પંચાયત પ્રમુખની ચૂંટણીમાં ભાજપ-કોંગ્રેસે ભેગા મળી બિટીપીના ઉમેદવારને એક મતે મ્હાત આપી હતી. આ ઘટના બાદ બિટીપીએ ગુજરાતમાં કોંગ્રેસ સાથે પોતાનું ગઠબંધન તોડવાની જાહેરાત કરી દીધી છે. ભરુચ નર્મદામા જિલ્લા તાલુકા પંચાયત મા બીટીપીએ કોંગ્રેસ નું સમર્થન પાછુ ખેંચી લીધુ છે. ત્યારે બિટીપીના ધારાસભ્ય છોટુભાઈ વસાવાએ કોંગ્રેસ પર ગંભીર આક્ષેપો લગાવતા જણાવ્યું હતું કે કોંગ્રેસે આદિવાસીઓ સાથે ગદ્દારી કરી છે, ભાજપ-કોંગ્રેસ બન્ને એક સિક્કાની બે બાજુ છે, એક પાર્ટી સાંપ્રદાયિક તો બીજી બિન સાંપ્રદાયિકતાની વાત કરી દેશની જનતાને લડાવવાનું કામ કરે છે.

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં બિટીપી એકલે હાથે ચૂંટણી લડે છે કે કોઈક સાથે ગઠબંધન કરીને લડે છે એ ચર્ચાનો વિષય બન્યો હતો. ત્યારે જ બિટીપીના સૌરક્ષક અને ઝઘડિયાના ધારાસભ્ય છોટુભાઈ વસાવાએ આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં અસાસુદ્દીન ઓવેશીની AIMIM સાથે મળી ચૂંટણી લડવાની જાહેરાત કરી છે.હવે BTP અનેAIMIMનું એલાયન્સ બનશે.

ઝઘડિયાના ધારાસભ્ય છોટુભાઈ વસાવાએ જણાવ્યું હતું કે સંવિધાનને બચાવવા તાલુકા-જિલ્લા પંચાયત ચૂંટણીમાં બિટીપી અને AIMIM ગઠબંધન કરી ચૂંટણી લડશે. અમારા હાથમાં સત્તા આવશે એટલે લોકોના હાથમાં સત્તા હશે, ચૂંટણી જીતવાની રણનીતિ બાબતે હાલ વિચારી રહ્યા છીએ. AIMIMના અધ્યક્ષ અસાસુદ્દીન ઓવેશીને હું ચૂંટણી પ્રચાર માટે આમંત્રણ આપું છું. ભાજપ-કોંગ્રેસને હરાવવાની અમારા ગઠબંધનની મુખ્ય ભૂમિકા હશે. અત્યાર સુધી ભાજપ-કોંગ્રેસની સરકાર હતી, એમાં અમે દુઃખી હતા અને ભવિષ્યમાં જો એમની સરકાર આવે તો દુઃખી થવાના જ છે તો એવી સરકારનું શુ કામ છે.

છોટુભાઈ વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે ભાજપ-કોંગ્રેસને મત આપીને મરવાની વાત કરવા કરતાં એમાંથી છુટકારો મેળવવા એ બન્ને પક્ષોને તિલાંજલિ આપવી જોઈએ. ગુજરાતમાં ॅ અને AIMIM ગઠબંધનના એવા પ્રયાસ રહેશે કે યુવાનોને નોકરી મળે બેરોજગરીથી છુટકારો મળે, દેશના લોકોનું-આદિવાસીઓનું અને SC, ST, OBC, માયનોરીટીનું શાસન બને. રાજસ્થાનમાં ભાજપ-કોંગ્રેસે ભેગા મળી દગો કરી અમને સત્તા પરથી દૂર રાખવાનો પ્રયત્ન કર્યો હતો

જયોતિ જગતાપ રાજપીપળા

### પ્રેમ પ્રકરણમાં યુવતી ઘરેથી ગાયબ પછી કુવામાંથી લાશ મળી

# બાયડ પગિયાના મુવાડામાં પોલીસે ત્રણ રાઉન્ડ ફાયરીંગ કરી ટોળામાંથી યુવકને બચાવ્યો

અરવલ્લી બ્યુરો મોડાસા

પ્રેમ પ્રકરણમાં યુવક-યુવતીને તાલિબાની સજા આપવાના કિસ્સાઓ રાજ્યમાં વધી રહ્યા છે અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના પગીયાના મુવાડા ગામે ગામના જ યુવક સાથે ગુમ થયા પછી બીજા દિવસે સવારે ઘર નજીક કુવામાંથી યુવતીની લાશ મળી આવતા પરિવારજનો ઉશ્કેરાઈ ગયા હતા અને ગામના જ પ્રેમી યુવકને ઉઠાવી લાવી યુવતીના ઘર નજીક થાંભલા પાસે દોરડાથી બાંધી પરિવારજનો અને ટોળાએ ઘેરી લઈ તાલિબાની સજા આપતા હોય તેમ યુવકને ઢોર માર મારવાનું શરુ કરતા યુવકના પરિવારજનોએ સાઠંબા પોલીસને જાણ કરતા પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી હતી ટોળાએ પોલીસને પણ બાનમાં લેવાનો પ્રયત્ન કરતા બેકાબુ બનતી સ્થિતીના પગલે જીલ્લા પોલીસવડાને જાણ કરતા ડીવાયએસપી ભરત બસીયા સહીત જીલ્લા પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો ટોળાએ યુવકને ન છોડતા આખરે પોલીસે હવામાં ત્રણ રાઉન્ડ



ગોળીબાર કરી ટોળાને વિખેરી નાખ્યું હતું ગંભીર ઈજાગ્રસ્ત યુવકને ડીવાયએસપી બસીયા તેમની ગાડીમાં વાત્રક હોસ્પિટલ સારવાર અર્થે ખસેડ્યો હતો યુવકની સ્થિતી ગંભીર હોવાની માહીતી પ્રાપ્ત થઇ હતી પોલીસે યુવકને તાલીબાની સજા આપનાર શખ્સો સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી પ્રાપ્ત માહિતી અનુસાર પેગીયાના મુવાડા ગામની ૨૦ વર્ષીય યુવતીને ગામના જ તળાવના મુવાડાના સાવન કરસનભાઈ સોલંકી સાથે આંખ મળી જતા પ્રેમ સબંધ બંધાયો હતો યુવતીના પરિવારજનોને પ્રેમ સંબંધની જાણ થતા યુવતિની સગાઈ અન્ય સ્થળે કરી લગ્ન લેવા તજવીજ હાથધરી હતી ત્યારે ગુરુવારે રાત્રે યુવતી ઘરે થી ગુમ થતા પરિવારજનોએ ભારે શોધખોળ હાથધરી હતી પરંતુ યુવતીનો અત્તો પત્તો ન લાગતા યુવતીના પરિવારજનો તેના પ્રેમીને ઘરેથી ઉઠાવી લઇ યુવતીના ઘર નજીક થાંભલે બાંધી દીધો હતો અને યુવકે રાત્રે યુવતી તેની સાથે હોવાનું અને મોડી રાત્રે ઘર નજીક છોડી દીધું હોવાનું જણાવતા પરિવારજનો અને ટોળાએ યુવતીની શોધખોળ કરતા ઘર નજીક અવાવરું કુવામાંથી યુવતીનો મૃતદેહ મળી આવતા પરિવારજનો અને ટોળુ ઉશ્કેરાયું હતું અને યુવકને તાલિબાની સજા આપતા હોય તેમ યુવતીના પરિવારજનો અને લોકોએ ઢોર માર મારવાનું શરૂ કરતા યુવકના પરિવારજનોએ સાઠંબા પોલીસને જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને સમગ્ર સ્થિતી અંગે જીલ્લા પોલીસવડાને ઘટનાની જાણ કરતા યુવકને બચાવવા જીલ્લા પોલીસ કાફલો મોકલી આપ્યો હતો યુવતીના પરિવારજનો અને ટોળાને સમજવાનો પ્રયત્ન કરવા છતાં ટસના મસના થતા આખરે પોલીસે હવામાં ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરી ટોળાને વિખેરી નાખી ગંભીર ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે વાત્રક હોસ્પિટલમાં ખસેડાયો હતો હાલ યુવક જીવન મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે. સમગ્ર ઘટનાના પગલે પોલીસે યુવકના પરિવારજનોની ફરિયાદ લેવાની તજવીજ હાથધરી ગામમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે

શુક્રવારે પગીયાના મુવાડા ખાતે પ્રેમ પ્રકરણમાં યુવતીની ગુમ થયા પછી કુવામાંથી લાશ મળી આવતા ખેલાયેલ તાલિબાની પ્રકરણમાં યુવતીને જે યુવક સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો તે યુવક અને યુવતી નજીક નજીક કુટુંબના હોવાથી સમાજમાં બદનામી ના ડરે યુવતીના પરિવારજનોએ યુવતીની સગાઈ કરી લગ્ન લેવાની તૈયારીઓ હાથધરી દીધી હતી અને ટૂંક સમયમાં યુવતીના લગ્ન થવાના હતા ત્યારે ગુરુવારે રાત્રે ૮ વાગે અચાનક યુવતી ગુમ થતા અને પ્રેમ સબંધ ધરાવતો યુવક પણ ઘરે ન હોવાથી પરિવારજનોને શંકા જતા યુવતીની ભારે શોધખોળ છતાં યુવતી ન મળી આવતા યુવતીના પરિવારજનો યુવકને ઘરેથી ઉઠાવી લીધો હતો અને દોરડાથી થાંભલે યુવકને બાંધી દીધો હતો બીજીબાજુ યુવતીનો દુપટ્ટો કુવામાંથી મળી આવતા પરિવારજનોએ કુવામાં તપાસ કરતા યુવતીની લાશ મળી આવતા યુવકે યુવતીની હત્યા કરી કુવામાં નાખી દીધી હોવાની આશંકાના પગલે યુવકને ઢોર માર મારવાનું શરુ કરાયું હતું

# અમૃત આહાર મહોત્સવ અંતર્ગત ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે ખેડૂતો સીધા ગ્રાહક સુધી પહોંચ્યા



રાસાયણિક ખાતરો અને દવાઓથી મુક્ત એટલે કે સંપૂર્ણપણે કુદરતી રીતે ખેતી કરતા ખેડૂતોને પોતાના ઉત્પાદનના વેચાણ માટે યોગ્ય બજાર મળી રહે તે માટે ગાંધીનગરમાં સેક્ટર -૧૫ ખાતે આવેલ ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે એક સપ્તાહ માટે જિલ્લાના ૨૮ ખેડૂતોના સ્ટોલ લગાવવામાં આવેલ છે. રાજ્ય સરકારના અમૃત આહાર મહોત્સવ અંતર્ગત આયોજીત આ મહોત્સવનું ઉદ્ઘાટન શ્રી મનીષ ભારદ્વાજ, માન. સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ, અને સહકાર વિભાગ, ગુજરાત સરકાર દ્વારા કરાયું જેમાં કૃષિ અને સંલગ્ન ખાતાના અધિકારીઓ અને કર્મચારીઓની સાથે મોટી સંખ્યામાં ખેડૂત ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

આ મહોત્સવ પાછળ સરકારશ્રીનો મુખ્ય ઉદ્દેશ એ છે કે રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તથા ખેતી ખર્ચ ઘટે, ખેડૂતોની આવકમાં વધારો થાય અને માન. વડાપ્રધાનશ્રીનું સ્વપ્ન પૂર્ણ થાય જેમાં દરેક ખેડૂતોની આવક બમણી કરવાનો ઉદ્દેશ સમાયેલ છે. વધુમાં પ્રાકૃતિક કૃષિની ખેતેપેદાશો ઉત્પાદિત કરતા ખેડૂતોને પ્રોત્સાહન મળે તથા માર્કેટ વેચાણ વ્યવસ્થા ઉભી થાય તેમજ ગ્રાહકોને ઝેરમુક્ત શાકભાજી, અનાજ તથા અન્ય કૃષિ સંલગ્ન ખાદ્ય પેદાશો મળી રહે તેવા ઉમદા હેતુથી ગાંધીનગર જિલ્લામાં આત્મા યોજના અને કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના સંયુક્ત ઉપક્રમે આ મહોત્સવનો પ્રારંભ થયો છે.

અમૃત આહાર મહોત્સવ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના દેશીગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો પોતાની પ્રાકૃતિક પેદાશો જેવીકે શાકભાજી, વિવિધ મસાલા, પાકોની પેદાશો, બાજરી, ઘઉ, જેવા ધાન્ય તથા કઠોળ પાકોની પેદાશો સ્ટોલમાં વેચાણ માટે પ્રદર્શિત કરવામાં આવેલ છે. આ અમૃત આહાર મહોત્સવ ૨૫ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધી યોજવામાં આવેલ છે આ મહોત્સવનો લાભ લેવા જિલ્લાના તમામ લોકો આવે તે માટે શ્રી કે.ડી.પંચાલ, નિયામક શ્રી સમેતિ અને એસ.એન.ઓ, આત્મા તથા શ્રી બી.એમ. પટેલ, પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, ગાંધીનગર એ ઉદ્ઘાટન કાર્યક્રમમાં જણાવ્યું હતું. ગાંધીનગર સહિત રાજ્યના બધાજ જિલ્લામાં અમૃત આહાર મહોત્સવ હાલ એક અઠવાડિયા માટે યોજવામાં આવેલ છે.

ભવિષ્યમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોમાટે અલગથી માર્કેટ ઉભું કરાશે

અમૃત આહાર મહોત્સવમાં જિલ્લાના પ્રાકૃતિક ખેતી કરતા ૨૮ ખેડૂતોને પોતાની ખેતે પેદાશ વેચવાની તક અપાઇ છે. મહોત્સવ પૂરો થયા બાદ તેમના માટે ગાંધીનગરનું બજાર કેવું રહ્યું તેની ચર્ચા કર્યા બાદ જો ખેડૂતોની ઇચ્છા હશે તો શહેરમાં કોઇ એક સ્થળે સ્થાયી માર્કેટ ઉભું કરી વધુ એક તક આપવા સરકારશ્રીની વિચારણા છે.

## માણાવદરના દગડ ગામ પાસે અજાણ્યા વાહન ચાલકે માતા -પુત્રને હડફેટે લેતા ઘટના સ્થળે જ કમકમાટી ભર્યા મોત

માણાવદર પીએસઆઇ પી.વી.ધોકડીયા સાહેબ વિગતો આપતા જણાવ્યું હતુ કે દગડ ગામ જૂનાગઢ હાઈવે ઉપર રાત્રીના સમયે માણાવદર શહેરના વાદીવાસ વિસ્તાર ના રહેવાસી છે તેઓ મા- દિકરો પુત્રવધુ ને કતકપરા ગામે મુકવા ગયેલા જયાંથી પરત ફરી રહ્યા હતા તે દરમ્યાન રાત્રીના દગડ ગામ પાસે કોઇ અજાણ્યો વાહન ચાલક કોઇ હેવી વાહન ચાલક હોવાનું અનુમાન છે તેઆ ટુવ્હીલ નં GJ-11AF 3249 ના ચાલક સંજયભાઈ ગોહેલ તથા દેવુબેન ગોહેલ વાહન ઉપર હતા તેને હડફેટે લેતા તેમાં ટુવ્હીલર ઉપરના બન્ને ના કમકમાટી ભર્યા મોત થયા હતા જેમાં મહિલા દેવુબેન નું રીતસર શરીરના ડૂચા નિકળી ગયા તેવો ગંભીર અકસ્માત થયો છે તથા ટુવ્હીલર ના કટકે કટકા થઇ ગયા હજું અજાણ્યા વાહન ચાલકની ભાળ મળી નથી બે વ્યક્તિ ના મોત કમકમાટી ભર્યા મોત નિપજાવી ફરાર થઇ જનાર ની શોધખોળ આદરી છે

રીપૉર્ટર - જીજ્ઞેશ પટેલ માણાવદર

## જીવદયાપ્રેમી ભરત કોઠારી સહિત ૩ વ્યક્તિનું જાલોર માર્ગ અકસ્માતમાં નિધન

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જીલ્લાના ડીસા તાલુકાની રાજપુર પાંજરાપોળના સંચાલક ભરતભાઇ કોઠારીનું અકસ્માતની ઘટનામાં મોત થયુ છે. જીવદયાપ્રેમી ભરતભાઇ કોઠારી, વિમલભાઇ જૈન અને રાકેશભાઇ જૈનને રાજસ્થાનના જાલોર પાસે એક્સિડન્ટ થયો હતો. માર્ગ દુર્ઘટનામાં જીવદયાપ્રેમી ભરતભાઇ કોઠારી સહિત ત્રણ વ્યક્તિના મોત થતાં હાહાકાર મચી ગયો છે. પાંજરાપોળ સંચાલકોના આગેવાન અને બનાસકાંઠાના પ્રથમ હરોળના જીવદયાપ્રેમી ભરતભાઇ કોઠારીના મોતથી શોક ફેલાઇ ગયો છે.

સૂત્રોએ જણાવ્યું હતુ કે, મૃતક ભરતભાઇ કોઠારીએ તાજેતરમાં પાંજરાપોળ સંચાલકોની મુશ્કેલી અંગે આંદોલન સહિત લડત ચલાવી હતી. રાજ્ય સરકાર સમક્ષ પાંજરાપોળની વેદના અંગે ભરત કોઠારીએ વાચા આપી હતી. જોકે તેના ગણતરીના દિવસોમાં મોત થતાં બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતની પાંજરાપોળ, ગૌશાળા અને ગૌરક્ષક સંસ્થાઓને મોટી ખોટ પડી છે. અકસ્માતનું મોતનું જાણી સંબંધિતોમાં માતમ છવાઇ ગયો છે.




**મેયરશ્રી રીટાબેન પટેલના હસ્તે સિવિલ હોસ્પિટલ ગાંધીનગરમાં સારવારમાં રહેલા દર્દીઓને ફ્રુટનુ વિતરણ કરવામાં આવ્યું હતું. આ તકે ડો. હર્ષદભાઇ પટેલ, મહાનગર ભાજપ પ્રમુખ ઋચિરભાઇ ભટ્ટ, ડેપ્યુટી મેયરશ્રી નાજાભાઇ ઘાંઘર, કોર્પોરેટરશ્રીઓ અને પક્ષના આગેવાનો તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.**

## બાયડના ફતેપુરા ગામે ઢોર અને બળતણની જગ્યા પર ભૂ માફિયાઓનો કબ્જો કરતા બાયડ-દહેગામ રોડ પર ચક્કાજામ

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં ગૌચર અને સરકારી પડતર જમીનો પર સ્થાનિક લોકોએ કબ્જો કરી ગેરકાયદેસર નાના- મોટા બાંધકામો કરી દબાણ કરી ભોગવટો કરી દીધો છે જીલ્લાના ગૌચરોની મોટાભાગની જમીન ખેતરોમાં ભળી ગઈ છે ત્યારે બાયડના ફતેપુરા ગામમાં ૬૦ વર્ષથી ઢોર અને બળતણ માટે અનામત રાખેલી જગ્યા પર ભૂ માફિયાઓએ કબ્જો જમાવી દેતા તંત્રમાં વારંવાર રજુઆત કરવા છતાં સમસ્યાનું નિરાકરણ ન આવતા ગ્રામજનોએ બાયડ-દહેગામ રોડ પર ચક્કાજામ કરી મામલતદાર ચોર છે ના સૂત્રોચ્ચાર સાથે મામલતદારની સાંઠગાંઠ હોવાનો ગ્રામજનોએ આક્ષેપ કરતા પોલીસ અને તંત્ર દોડતું થયું હતું અને ગ્રામજનો સાથે ચર્ચા કરી ચક્કાજામ દૂર કર્યો હતો




ફતેપુરા ગામના ગ્રામજનોએ ગામમાં ઢોર-ઢાંખર અને બળતણ માટે રાખેલી જગ્યા પર ભૂ માફિયાઓએ દબાણ કરતા ગ્રામજનોએ વારંવાર રજુઆત કરવા છતાં દબાણ દૂર ન થતા આખરે ગ્રામજનોએ સતત વાહનોથી ધમધમતા બાયડ-દહેગામ રોડ પર ઉતરી આવ્યા હતા રોડ પર બેસી જવાની સાથે આડાશ મૂકી રોડ બ્લોક કરી દેતા વાહનોનો ખડકાળ ખડકાયો હતો ગ્રામજનોએ મામલતદાર ચોર છે અને ન્યાયના બેનર સાથે સૂત્રોચ્ચાર કરતા પોલીસ અને તંત્ર દોડતું થયું હતું અને યોગ્ય કાર્યવાહી કરવાની બાંહેધરી આપતા ગ્રામજનોએ ચક્કાજામ દૂર કર્યો હતો

રોડ પર ચક્કાજામ પર બેઠેલા લોકોએ બાયડ મામલતદારની ભૂ માફિયાઓ સાથે મીલીભગત હોવાથી ભૂ માફિયાઓ ફાટીને ધુમાડે ગયા છે તેમજ ઢોર-ઢાંખર અને બળતણ માટેની જગ્યામાં વાવેલ વૃક્ષો ગ્રામ પંચાયત કે વનવિભાગને જાણ કર્યા વગર બરોબર ભૂ માફિયાઓને વૃક્ષો કાપવાનો આદેશ આપી જમીન પર કબ્જો કરવા પ્રોત્સાહન આપી રહ્યા હોવાના ગંભીર આક્ષેપ કર્યા હતા મામલતદાર સામે ગંભીર આક્ષેપ થતા ભારે ચકચાર મચી છે

## ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ કર્મચારીઓનો અનોખો અંદાજ : સાન્તા ક્લોઝ બની દર્દીઓને ગીફ્ટ આપી,બિસ્કીટ અને ફળો વહેંચ્યા

અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ક્રિસમસ દિન નિમિત્તે અનોખી ઉજવણી કરવામાં આવી જેમા GVK EMRi Emergency Management and Research Institute ૧૦૮ ના કર્મચારીઓ દ્વારા સાર્વજનીક હોસ્પિટલમાં ૧૦૮ કર્મીઓ દ્વારા સેન્ટાક્લોઝ બનીને હોસ્પિટલ નિ અંદર એડમિટ દર્દીઓને ચોકલેટ બિસ્કિટ અને ફળો આપીને અનોખી રીતે ઉજવણી કરવામાં આવી અને ૧૦૮ ના કર્મચારીઓ દ્વારા ખિલખિલાટ અને ૧૦૮ નો વધુ ઉપયોગ કરવાં માટે પણ



માર્ગદર્શન આપવામાં આવ્યું હતું કોરોના મહામારીના પગલે દર્દીઓને માસ્ક વિતરણ પણ કર્યા હતા

મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીઓ નાતાલ ના દિવસે તેમના રૂમમાં સાન્તા ક્લોઝ જોઈ ચહેરા પર ખુશી છવાઈ હતી અને સારવાર લઇ રહેલ દર્દીઓને બીમારી માંથી ઝડપથી સાજા થાય તેવી શુભેચ્છા આપી ગીફ્ટ આપી હતી

## કોરોના રસીનું સોમવારથી ટ્રાયલ-રનઃ ૨૫-૨૫ વ્યક્તિને ડમી રસીકરણ



અમદાવાદ,તા.૨૬

રાજયમાં કોરોનાના રસીકરણની તૈયારીઓ સરકારે તેજ કરી દીધી છે. સોમવારથી રાજયમાં કોરોના રસીનું ટ્રાયલ-રન શરૂ કરવામાં આવશે. આ ટ્રાયલ-રનમાં ૨૫-૨૫ વ્યક્તિને બોલાવીને ડમી રસીકરણ કરવામાં આવશે. એટલું જ નહિં, રસી લાવવાથી લઈ રસી આપવા સુધીનું શિડયુલ તૈયાર કરવામાં આવશે. કોરોના ટ્રાયલ-રનમાં થનારી કાર્યવાહીમાં જે વાહન કોરોના રસી કોલ્ડ સ્ટોરેજમાંથી લઈને નીકળશે એ જે-તે હેલ્થ સેન્ટરમાં કેટલા સમયમાં પહોંચે છે, એ પણ નોંધવામાં આવશે. આ વાહનમાં જીપીએસ સિસ્ટમ લગાવવામાં આવી હશે.

નિયત સમયમર્યાદામાં હેલ્થ સેન્ટરમાં રસી લઈ જતું વાહન પહોંચે છે કે કેમ, એનો સમયગાળો નોંધવામાં આવશે. કોરોના રસીકરણના ટ્રાયલ-રનમાં નિશ્ચિત સમયમર્યાદામાં તમામ વ્યક્તિઓને રસીકરણ થાય એ માટે ઝડપી કામગીરી કરવામાં આવશે, જેમાં ૨૫-૨૫ વ્યક્તિઓને એસએમએસ કરી રસીકરણ કેન્દ્ર પર બોલાવવામાં આવશે. આ વ્યક્તિને ત્યાર બાદ વેક્સિનેશન રૂમમાં લઈ જવામાં આવશે. ત્યાર બાદ રસી લીધેલી વ્યક્તિને ઓબ્ઝર્વેશન રૂમમાં લઈ જવામાં આવશે, જ્યાં તેને ૩૦ મિનિટ બેસાડી તેની તબિયતનું પરીક્ષણ કરવામાં આવશે. આમ, કોરોના રસીનું આબેહૂબ ટ્રાયલ-રન કરી નિશ્ચિત સમયગાળા દરમિયાન એક કલાકમાં કેટલી વ્યક્તિઓને રસીકરણ થઈ શકે એનું એક નિશ્ચિત શિડ્યુલ તૈયાર કરવામાં આવશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.